॥ ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

સમાજ નિર્માણ તથા સાંસ્કૃતિક પુનરુત્થાન માટે સમર્પિત

# પ્રજ્ઞા અભિયાન

સંસ્થાપક-સંરક્ષકઃ વેદમૂર્તિ, તપોનિષ્ઠ પં. શ્રીરામ શર્મા આચાર્ય એવમ્ વંદનીય માતા ભગવતી દેવી શર્મા

અંક નં-૧૮ વર્ષ-૧૯ | વાર્ષિક લવાજમ-દેશમાં-૩૦.૦૦ | વિદેશમાં-૪૦૦.૦૦ | ૨૧ એપ્રિલ-૨૦૧૦

## યુગઋષિના સૂત્રોને અપનાવો તીર્થયાત્રા સફળ બનાવો

**તીર્થયાત્રાનું ખૂબ પુણ્ય અને મહાત્મ્ય તો છે, પરંતુ તે ત્યારે છે, જ્યારે એની પાછળ પુણ્ય-પરમાર્થનું ધર્મપ્રયોજન પણ હોય. ખરેખર ધર્મ પ્રચારની પદયાત્રાને તીર્થ યાત્રા કહેવામાં આવેલ છે. લોકો ઉદ્દેશ્ય તો ભૂલી ગયા, રેલો, મોટરોમાં ભરેલા ધક્કા ખાતા અને ધક્કા મારતા જ્યાં-ત્યાં ખીસ્સા કપાવતા ફરે છે. આ ઘોડા દોડમાં ન તેમને પર્યટનનો આનંદ મળે છે અને ન ધર્મ પ્રચારનું પૂણ્ય મળે છે. તેઓ થાક, ખીઝાવા જેવી અનેક કથાઓ લઈને ઘરે પાછા ફરે છે. યુગઋષિ પં. શ્રીરામ શર્મા આચાર્યજીએ તીર્થયાત્રાને સફળ બનાવવાના અમુક સૂત્ર બતાવ્યા છે. આ લેખમાં એના વાંગ્મય ખંડ-'તીર્થ સેવન કેમ અને કેવી રીતે'માંથી લેવામાં આવેલ અમુક અંશ અહીં રજુ કરવામાં આવ્યા છે.**

### તીર્થયાત્રાનું પ્રયોજનઃ- પાપનાશ અને પુણ્ય અર્જન

તીર્થ પ્રેરણાના બે જ સ્વરૂપ છે-એક પવિત્રતા, બીજી પ્રખરતા. પાપનાશ અને પુણ્ય અર્જન આ બે જ સ્વરૂપ છે. આ ઉપલબ્ધિઓ માટે યાત્રા કરવામાં આવે છે. ગંગા પ્રવાહ જેવુ પોતાનું અંતઃકરણ હોય અને હિમાલય જેવો મજબૂત, સમુન્નત પોતાનો સંકલ્પ હોય, તો સમજવું જોઈએ કે પવિત્રતાનું ગંગાવતરણ થઈ ગયું. હિમાલય છે, તો અનન્ત પાણીનો ભંડાર પ્રવાહ ચાલી પડે છે. અનેકો સરિતાઓ હળીભળી બની જાય છે. ધરતીને હરિયાળી, પ્રાણીઓને તૃપ્તિ અને દિવગંતોને મુક્તિ અપાવનારી ગંગા હિમાલયની એક નાનકડી દેન છે. એના સિવાય પણ યમુના, અલકનંદા, સરયૂ, બ્રહ્મપુત્ર, સતલજ, ઝેલમ, રાવી, સિંધુ દિશાઓમાં વહેવાવાળી નદીઓનો પ્રવાહ છે.

આ ક્રમ દૃશ્ય જગત સુધી જ સીમિત નથી. તીર્થયાત્રી આ પ્રકૃતિ-લીલા જોઈને પાછા ફરી જાય તો સમજવું જોઈએ કે ગંગા અને હિમાલયનું સાન્નિધ્ય બરાબર મેળવ્યું નથી. એ ક્ષેત્રમાં છવાયેલ અદૃશ્ય શિવની ઝલક ઝાંખી પણ ન મળી.

તીર્થ ભાવમય હોય છે. એનો પ્રભાવ અંતઃકરણ પર થવો જોઈએ. ત્યારે તો પવિત્રતા અને પ્રખરતાનો પુણ્ય લાભ મળશે. પ્રાયશ્ચિતનું કષ્ટ સહજ પ્રક્રિયામાં પવિત્રતા મેળવવામાં જે આરંભિક મુશ્કેલીઓ આવે છે, તેને સાહસપૂર્વક સહન કરવાનું નિર્ધારણ છે. અનુષ્ઠાનથી પ્રખરતા નિખારવામાં આવે છે. સન્માર્ગ પર એકાકી ચાલી પડવાનો સંકલ્પ અને સાહસ પેદા કરવામાં આવે છે. તીર્થ તત્વનો સીધો સંબંધ અંતઃકરણમાં ઈચ્છિત હલચલ પેદા કરવી અને મહાન પરિવર્તનનો આધાર ઉભો કરવો છે. એની ઉપેક્ષા થતી રહી તો એટલું જ સમજવામાં આવશે કે સાંસ્કૃતિક સ્મારકોને આંખોથી જોઈ અને પર્યટનનો મનોરંજન પેદા કરવા જેટલું જ છીછરાપણું પ્રાપ્ત થયું. (પાના નંબર-૮.૧૦)

### તીર્થ સેવન ફળદાયી હોય

તીર્થ સાધક પોતાની દૃષ્ટિમાં કંઈકને કંઈક અંતર અવશ્ય કરે. પ્રાચીન કાળમાં લોકો આવા સ્થાનોથી જુની કાંચળી ઉતારવા અને નવજીવન ધારણ કરવાનો કાયાકલ્પ જેવો પરિવર્તન લઈને પાછા ફરતા હતા. સમય બદલાઈ ગયો, તો પણ સિદ્ધાંત યથાવત્ કાયમ છે. માર્ગ શાશ્વત છે. તીર્થ જે ઉદ્દેશ્ય માટે બન્યા હતા એમાં આગંતુકોનુ આંતરિક પરિશોધન તથા પરિષ્કાર જ મુખ્ય હતું. તેને અપનાવવા વાળા એ દિવસોમાં પણ અક્ષય-પુણ્ય ફળ મેળવતા હતા અને અત્યારે પણ એ પુણ્ય પરંપરાની યથાર્થતા સમજવાવાળા અને ગંભીરતાપૂર્વક અપનાવવા વાળા કૃતકૃત્ય થઈ શકે છે.

મહાનતા ઉપલબ્ધ કરવાની મહત્ત્વાકાંક્ષા સાથે લઈને જો તીર્થસેવી પાછો ફરે, તો સમજવું જોઈએ કે એનો પુણ્ય-પ્રયાસ સાર્થક થઈ ગયો. જો લોભ-મોહ અને અહંકારના ભવબંધન થોડા શિથિલ થઈ શકે, તો સમજવું જોઈએ કે તીર્થોમાં પાપ કપાવવાનું પ્રતિપાદન પોતાના માટે સાચું સાબિત થઈ ગયું. તીર્થોના દર્શન, સ્નાન, સત્સંગ, પ્રાયશ્ચિત, દાન-પૂણ્યથી જે લાભ બતાવવામાં આવ્યા છે, એમાં સારતત્ત્વ એટલું જ છે કે અંતરાત્મામાં સાધનાથી સિદ્ધિનો ઉત્સાહ ઉમટ્યો. (પાના નંબર-૮.૧૫)

### ઉપાસનાઃ સમર્પણ-શરણાગતિ

પોતાના અંતઃકરણને પરમાત્માના અંતઃકરણથી મિલાવવા અને બન્નેની દિશાધારા એક બનાવવાના પ્રયાસને જ ઉપાસના કહે છે. અધ્યાત્મની ભાષામાં એને સમર્પણ, શરણાગતિ કહે છે. તેને આંચળ પકડવા, ખોળામાં બેસવા જેવી ઉપમા પણ આપવામાં અવો છે. એનું તાત્પર્ય હોય છે આત્મભાવમાં વિલય કરવું. ક્ષુદ્રતાને મહાનતામાં સમર્પિત, વિસર્જિત કરવા માટે જે વ્યાયામો અને વિનિયોગોને અપનાવવા પડે છે, તેને 'ઉપાસના' અને 'સાધના' કહે છે. ઉપાસનામાં જપ, ધ્યાન, પૂજા અર્ચન વગેરેની ગણના છે.

એનો બીજો પક્ષ છે સાધના. સાધના અર્થાત્ અનગઢ કુસંસ્કારી દૃષ્ટિકોણ અને વ્યવહારને પરિષ્કાર કરી સુગઢ, સુંદર, સમુન્નત બનાવવો. ઉપાસના અને સાધનાને મિલાવી દેવાથી જ આધ્યાત્મિક પ્રગતિનો સમગ્ર ઉપચાર બને છે. બન્ને એક-બીજાના પૂરક છે. સાધનામાં ઉચ્ચ સ્તરીય આદર્શોને અપનાવવા પડે છે. આદર્શોનો સમુચ્ચય જ પરમેશ્વર છે. તેને આત્મસમર્પણ કરવાનો અર્થાત્ પોતાની ક્ષુદ્રતાને મહાનમાં વિરાટમાં વિસર્જિત કરવો, આદર્શો પ્રત્યે અનન્ય શ્રદ્ધાભાવ અપનાવવો અને એના પ્રકાશમાં પોતાનો માર્ગ નિર્ધારિત કરવો સંક્ષિપ્તમાં એને ઈશ્વરીય આદર્શોના અંતરાલને અવધારણા કહી શકાય છે. (પાના નંબર-૮.૧૬)

ઉપાસના એક પરિશોધન પ્રક્રિયા છે. જે રીતે નિયમિત સ્નાન કરવું, દાંત માંજવા, કપડા ધોવા, વાસન માંજવા, ઝાડુ લગાવવું જરૂરી હોય છે; એ જ રીતે મનઃક્ષેત્રમાં અંદરથી પેદા થતી અને બહારથી ઘુસતી મલીનતાની પરતો અંતઃકરણ પર જમા ન થવા દેવા માટે આ જરૂરી છે કે એ ક્ષેત્રની સફાઈ નિત્ય-નિયમિત રૂપથી કરવામાં આવે. આ ઉપાસનાનો એક પક્ષ છે. બીજો પક્ષ છે પરિષ્કાર, વિકાસ, ઉત્થાન, અભ્યુદય. એમાં ઉપાસકને ઈશ્વરીય વિભૂતિઓને અપનાવવા, ધારણ કરવાનો પ્રબળ પ્રયાસ કરવાનો હોય છે. વિભૂતિઓથી મતલબ છે ચિંતનમાં ઉત્કૃષ્ટતા અને ચરિત્રમાં આદર્શવાદિતાની અવધારણા. ઈશ્વરીય સાનિધ્યમાં એવી પ્રેરણાઓ ઉપલબ્ધ થાય છે જે અવાંછનીયતાથી મોઢુ ફેરવવા માટે મજબૂર કરી શકે. (પાના નંબર-૮.૧૭)

### સાધનાઃ- આત્મીક ક્ષમતાઓનો સદુપયોગ-વિસ્તાર

સાધનાના બે પક્ષ છે એક તપ, બીજો યોગ. તપનો અર્થ છે-સંયમ. યોગનો અર્થ છે-સીમિતને અસીમમાં, આત્માને પરમાત્માની સાથે જોડવો. તપને તિતીક્ષાપરક હઠયોગ જૂદો છે, પરંતુ સૌમ્ય યોગમાં ચાર સંયમ (૧) વિચાર સંયમ, (૨) સમય સંયમ, (૩) ઈંદ્રિય સંયમ, (૪) અર્થ સંયમ અપનાવવાને જ વ્યાવહારિક જીવનની તપ સાધના કહેવામાં આવી છે.

આ ચાર છિદ્રોમાં થઈને જ ઈશ્વર પ્રદત અસીમ વૈભવનો સમગ્ર રસ વહે છે અને ધૂળમાં મળતો રહે છે. જો આ છિદ્રને બંધ કરી શકાય તો બર્બાદી રોકી શકાય છે અને ઈશ્વરથી નિરંતર મળતા રહેનારા અજસ્ત્ર અનુદાનોની પૂંજી એટલી વધારે વધી શકે છે, જેને સત્પ્રયોજનોમાં લગાવી દેવા પર મહાનતાનો લાભ આગામી દિવસથી જ મળવો આરંભ થઈ શકે છે અને આ ક્રમથી નિયમિત ચાલતા રહેવાથી એ લક્ષ્ય સુધી પહોંચવું સંભવ થઈ શકે છે, જેના માટે આ સુર-દુર્લભ મનુષ્ય જીવન ઉપલબ્ધ થયું છે. (પાના નંબર-૮.૧૫)

### ભક્તિઃ શ્રદ્ધાનું બીજારોપણ

અધ્યાત્મ સમ્મત રીતિ-નીતિ અપનાવવાનું નામ જ ભક્તિ-સાધના છે. ભાવુક્તા ભરી કલ્પના કરતા રહેવા અને પાંખ વગરની રંગીલી ઉડાનો ભરતા રહેવાથી કંઈ કામ બનતું નથી. સાચા ભક્તને હનુમાન જેવી 'રામ કાજ કીન્હે બિના, મોહિ કહાઁ વિશ્રામ'. વાળી નીતિ અપનાવવી પડે છે. નલ-નીલની જેમ ભાગવત કાર્યમાં સંલગ્ન રહેવું પડે છે. સામર્થ્ય ન હોય તો પણ ખીસકોલી-શબરીની જેમ ઈશ્વરીય પ્રયોજનોમાં પોતાની સામર્થ્ય સ્વલ્પ હોવા છતાં પણ યથા સંભવ અનુદાન રજુ કરવાનું હોય છે. કેવટ કંઈ પણ વધારે કરવાની સ્થિતિમાં ન હતો, તો પણ નાવ પાર કરવાનું શ્રમદાન તેને ભાવનાપૂર્વક અર્પણ કર્યું. આવા અનુદાન જે જીવનમાં બીજની જેમ વાવવામાં આવ્યા હશે, ત્યાં તેઓ ઉગશે અને કલ્પવૃક્ષ બગીચાની જેમ સુખ-શાંતિના ઉત્સાહવર્ધક પરિણામ રજુ કરશે.

**સફળતાઓ કોઈ વાસ્તવિકતાઓ અને સિદ્ધાંતો પર નિર્ભર રહે છે. લૂટમારનો, ઠગાઈનો, જાદુગરીનો આશ્રય લઈને લાંબી પહોળી સફળતાઓ મેળવવી, એનું સ્થિર રહેવું તથા સુખદ પરિણામ મેળવી શકવું સંભવ નથી. ભક્તિ ભાવમાં આવી કોઈ ગુંજાઈશ નથી કે જાદુગરી સ્તરના કંઈક કૃત્ય-કર્મકાંડ પૂરા કરવા માત્રથી મનોકામનાઓ પૂરી થવા લાગે. દરેક વસ્તુ ઉચિત કિંમત પર ખરીદી શકાય છે. ઈશ્વરની કૃપા પણ એ પુરુષાર્થના માધ્યમથી જ ઉપલબ્ધ થાય છે, જેના પવિત્રતા અને પ્રખરતા જ અવિભાજ્ય પક્ષ છે. (પાના નંબર-૮.૧૮)**



**હરામની કમાણી નહીં, પરંતુ ઈમાનદારીનો પૈસો જ મનુષ્યને સુખ-શાંતિ પ્રદાન કરી શકે છે.**

# યુગનિર્માણ યોજના આધ્યાત્મિક અનુશાસનમાં કરવામાં આવનારો પ્રજાતાંત્રિક પ્રયોગ છે

## રાજનૈતિક ક્રાંતિની સાથે બૌદ્ધિક, નૈતિક તથા સામાજિક ક્રાંતિઓને જોડવી પડશે

**આપણે યુગઋષિની જન્મશતાબ્દી સુધી યુગ નિર્માણ અભિયાનને પ્રખર-પ્રચંડ બનાવી તેમણે સાર્થક શ્રદ્ધાંજલિ અર્પણ કરવા ઈચ્છીએ છીએ. એટલા માટે આપણે યુગ નિર્માણની મૂળ માન્યતાઓને હૃદયંગમ કરવા તેને જીવનમાં ચરિતાર્થ કરવી પડશે.ગાયત્રી યજ્ઞ, યુગ સંગીત, યુગ સાહિત્ય, લોક કલામંચ, સૂચના પ્રૌદ્યોગિકી, મીડિયા વગેરે તમામ વિદ્યાઓનો ઉપયોગ આ માટે જ કરવામાં આવે છે.યુગ નિર્માણ યોજનાની મૂળ માન્યતાઓને સ્પષ્ટ કરતાં જે લેખ યુગઋષિએ સન્ ૧૯૭૧માં લખ્યો હતો, એના મુખ્ય અંશ અહીં યથાવત રજુ કરવામાં આવી રહ્યા છે.આશા છે કે પરિજન આ પ્રકાશમાં પોતાની કાર્યયોજનાઓને વધારે શ્રેષ્ઠ બનાવી શકશે.**



**યુગઋષિ જન્મશતાબ્દીના સંદર્ભમાં**

### સરકારની બે પ્રણાલિઓ

વ્યક્તિ અને સમાજની વિકૃતિઓથી છુટકારો મેળવવાના બે માર્ગ છે, એક દમન ચક્રને અતિ કઠોર બનાવી એવી પરિસ્થિતિઓ પેદા કરી દેવી જેમાં કોઈને ગરબડ કરવાનો અવસર જ ન મળે. બીજો એ છે કે મનુષ્યોની આસ્થાઓ ઉંચી ઉઠાવીને પ્રથાઓને પરિષ્કૃત કરી સુખ-શાંતિ અને સ્નેહ-સદ્ભાવનું વાતાવરણ બનાવવામાં આવે.

(૧) અધિનાયકવાદ અને સામ્યવાદની માન્યતા એ છે કે મનુષ્યની દુષ્ટતાને રોકવાનો એકમાત્ર ઉપાય પ્રતિબંધ છે. વ્યક્તિની સ્વતંત્રતા સીમિત કરી દેવામાં આવે, એના હાથમાં એટલા સાધન જ ન રહેવા દેવામાં આવે, જેનાથી અવાંછનીય અસામાજિક કાર્ય કરવાની હિંમત કરી શકે. આ પ્રયોગ સામ્યવાદી દેશોમાં થઈ રહ્યો છે. અહીં વ્યક્તિની સ્વતંત્રતા એક પ્રકારથી સમાપ્ત કરી દેવામાં આવી છે અને તેને યંત્રવત્ બનાવી દેવામાં આવ્યો છે. સરકાર જે ઈચ્છે છે, ત્યાં એ જ સાંભળવા, વાંચવા, જોવા, સમજવાનો અવસર મળે છે. મસ્તિષ્ક એક વિશેષ બિબામાં ઘડવામાં આવે છે અને એવી પરિસ્થિતિ પેદા કરવામાં આવે છે, જેમાં શાસનની નિર્દિષ્ટ દિશા સિવાય કંઈક સમજવા-વિચારવાની ગુંજાયશ જ ન રહે.

સંપત્તિની ઉપર સરકારનું સ્વામિત્વ છે અને વ્યક્તિને એના નિર્વાહ થઈ શકે એટલા સાધન આપવામાં આવે છે. જ્યારે ફાલતુ સમય તથા ધન પાસે ન હોય, તો ગરબડ થશે જ કેવી રીતે? કોઈ સ્વાભાવવશ અસામાજિક કાર્ય કરે તો તેને મોતને ઘાટ ઉતારી દેવો અથવા એવો જ કઠોર દંડ આપી ખરાબ રીતે દબાવી દેવામાં આવે છે અને સર્વસાધારણને એ દંડોથી ખૂબ જ ભયભીત કરી દેવામાં આવે છે, જેથી કોઈ બીજો એવી હિંમત ન કરી શકે. અધિનાયકવાદમાં સુધારની આ જ રીત છે. દંડ, દમન, પ્રતિબંધ અને નિયંત્રણની અંતર્ગત બધી વૈયક્તિક અને સામાજિક ગતિવિધિઓ સીમાબદ્ધ કરી દેવાની નીતિ પર એ પ્રક્રિયા આધારિત છે.

(૨) બીજી પદ્ધતિ પ્રજાતંત્રની છે, જેમાં વૈયક્તિક સ્વતંત્રતાઓને અક્ષુણ્ણ રાખવામાં આવે છે અને એ માનીને ચાલવામાં આવે છે કે ઉપયુક્ત બૌદ્ધિક સાધન ઉત્પન્ન કરવા વ્યક્તિને શ્રેષ્ઠતાની તરફ અગ્રેસર કરી શકાય છે તથા એના સ્વેચ્છા સત્પ્રયત્નોથી સમાજ માટે અત્યંત ઉપયોગી સત્પ્રવૃત્તિઓને વધારી શકાય છે.

આ પ્રણાલીમાં દંડની કઠોરતા ન રહેવાથી અપરાધો વધવા અને પોતાના અપરાધિઓને બચાવવાની ગુંજાયશ વધારે રહેવાનો દોષ તો છે, પરંતુ ગુણ એ છે કે વ્યક્તિની સ્વતંત્ર ચેતનાને કેટલાય પ્રકારથી ચિંતન કરવાનો અવસર મળે છે અને ગમે ત્યારે કોઈ અતિ મહત્ત્વપૂર્ણ સૂઝબૂઝ સામે આવી જવાની ગુંજાયશ રહે છે.

આપણે એ માનીને ચાલીએ છીએ કે પ્રજાતંત્રમાં જે દોષ છે, તેને હટાવી એ જ પ્રક્રિયાને જનજીવનમાં ચાલવા દેવામાં આવે, તો વ્યક્તિની મૌલિકતા અને મહાનતાને વિકસિત થઈ શકવાની સંભાવના અક્ષુણ્ણ બની રહી શકશે. એટલા માટે આપણે એવી પ્રજાતંત્ર પ્રણાલીને અપનાવવી જોઈએ, જેની સાથે ધર્મ, અધ્યાત્મ અને સંસ્કૃતિના ઉચ્ચ આદર્શોને જીવીત રહેવાનો અવસર બની રહે.

આ પ્રકારની માન્યતા રાખવામાં જનતાની ઉપર ભારે જવાબદારી આવે છે અને તેને જનસ્તર પર વ્યક્તિ અને સમાજને સંભાળવાનો પ્રયત્ન કરવો પડે છે. પ્રજાતંત્રમાં જન તથા ધન સ્વતંત્રતાના કારણે વ્યક્તિની પાસે જે ધન અને સમયની શક્તિ બચી રહે છે, તેને લોકમંગલમાં વધારેમાં વધારે લગાવવાની પ્રવૃત્તિ ચાલી પડે, ત્યારે વિકાસ અને વ્યવસ્થાની આવશ્યકતા પૂરી થઈ શકે છે. સરકારની ઉપર બધુ જ કરવાની આશા પ્રજાતંત્રમાં કરી શકાતી નથી.

### જન-જાગરણ જરૂરી છે

પ્રજાતંત્રી શાસનની સુવિધાઓનો લાભ ઉઠાવવાની ઈચ્છા ધરાવતા જનતાને લોકમંગલ માટે ઘણુ બધુ કરવાનું હોય છે. પ્રજાનું જનકલ્યાણની પ્રવૃત્તિઓમાં જેટલું વધારે અનુદાન, સહયોગ હશે, એટલો જ વિકાસ અને વ્યવસ્થાની સંભાવઓ વધશે. પ્રજા જો પોતાના સાર્વજનિક કર્તવ્યો પ્રત્યે ઉપેક્ષા કરી બેસી રહે અને વિચારતી રહે કે બધુ સરકાર કરી લેશે, તો પછી પ્રગતિની સંભાવનાઓ સમાપ્ત જ સમજવી જોઈએ.

નવનિર્માણ માટે સરકારોને પણ ઘણુ બધુ કરવું જોઈએ. તેને ભૂલો સુધારવા માટે મજબૂર કરવી જોઈએ. પરંતુ એનાથી પણ વધારે ધ્યાન એ વાત પર આપવું જોઈએ કે પ્રજાતંત્ર પોતાના સાર્વજનિક, સામાજિક, રાષ્ટ્રીય, નૈતિક કર્તવ્યોને પૂરા કરવા માટે વધારેમાં વધારે ઉત્સાહ પ્રદર્શિત કરે. દરેક પ્રજાતંત્રી પ્રજાજનની મનોભૂમિ એ હોવી જોઈએ કે સામ્યવાદી દેશોમાં વ્યક્તિને જે પ્રકાર ઔસત દર્જાનું જીવન જીવવું પડે છે અને વધારે યોગ્યતાનો લાભ દેશને પ્રતિબંધિત રૂપથી છોડવો પડે છે, એવું જ એ સ્વેચ્છા પૂર્વક કરે.

સામ્યવાદી દેશોના લોકોને જે ત્યાગ કરવા બળપૂર્વક મજબૂરીની સ્થિતિ પેદા કરવી પડે છે, એ જ જો પ્રજાતંત્રી પ્રજા સ્વેચ્છા પૂર્વક કરે, તો તેને આનંદ, ઉત્સાહ, ગર્વ, ગૌરવ અને સંતોષનો અનુભવ પણ થતો રહે છે અને મજબૂરીની જગ્યાએ સ્વેચ્છાની સ્થાપના થઈ જવાથી ભાવનાત્મક પ્રગતિનો તે લાભ પણ મળી શકે છે, જે સામ્યવાદી પ્રજાને લગભગ મળી શકતો નથી. લોકમંગલની શ્રેષ્ઠ પરંપરાઓ અગર ચાલતી રહે, તો એક-બીજાથી એ રીતનું અનુકરણીય પ્રેરણા લઈ પુણ્ય-પરમાર્થના સત્કર્મોમાં રુચિ લઈને વધારે ઉલ્લાસિત અને સંતુષ્ટ રહી શકે છે. આત્મબળ વધારવા માટે આ ઉદાર-સેવા-સાધના કેટલી ઉપયોગી સાબિત થઈ શકે છે, તેને અનુભવ કરીને જ જાણી શકાય છે.

આપણે નવનિર્માણ માટે આ જ મનોભૂમિને, આસ્થા, નિષ્ઠા તથા દૃષ્ટિને વિકસિત કરવાની ચેષ્ટા કરવી જોઈએ. નવનિર્માણની પોતાની યોજના આ જ પૃષ્ઠભૂમિ પર બનાવવામાં આવી રહી છે.

### અમારી માન્યતાઓ

☛ આપણે એ માનીને ચાલીએ છીએ કે સરકાર તથા વ્યવસ્થાની દૃષ્ટિથી પ્રજાતંત્રી શાસન પદ્ધતિ અન્ય બધી પદ્ધતિઓથી સારી છે.

☛ આપણે એ માનીને ચાલીએ છીએ કે મનુષ્ય કેવળ ભૌતિક સાધનોની સુવ્યવસ્થાથી જ સંતુષ્ટ નથી રહી શકતો, તેને આત્મીક પ્રગતિ જેવી કોઈ વસ્તુની પણ આવશ્યકતા છે. એના માટે ધર્મ-સંસ્કૃતિ અને અધ્યાત્મને જીવીત રહેવું જોઈએ.આપણે નથી ઈચ્છતા કે સરકાર આ તત્વોને નષ્ટ કરીને મનુષ્યને માત્ર મશીન બનાવી દે.

☛ આપણે એ માનીને ચાલીએ છીએ કે દરેક મનુષ્યની અંદર પશુતાની જેમ દેવત્વ પણ વિદ્યમાન છે અને તેને પ્રયત્ન કરીને જગાડી, વધારી, ઉઠાવી શકાય છે.

☛ અમારો વિશ્વાસ છે કે મનુષ્યની સર્વોપરિ શક્તિ ‘વિચારણા’ છે અને તેને જો ઉત્કૃષ્ટતાની દિશામાં વાળી શકાય, તો ધરતી પર સ્વર્ગનું અવતરણ અને મનુષ્યમાં દેવત્વના ઉદયની સંભાવનાઓ સાકાર થઈ શકે છે.

☛ જનસહયોગ દ્વારા એકત્રિત અનુદાનોને આપણે પહાડોથી ઉંચા અને સમુદ્રથી વિશાળ માનીએ છીએ અને એ વિશ્વાસ કરીએ છીએ કે જો સ્વેચ્છા સહયોગને લોકમંગલ માટે વાળી શકીએ તો, નવનિર્માણ માટે જેટલા સાધનોની આવશ્યકતા છે, એનાથી વધારે મળી શકે છે.

☛ આપણે માનીએ છીએ કે વિશ્વનું નૈતિક પુનરોત્થાન કરવાની સર્વતોમુખી ક્ષમતાથી સંપન્ન ભારત જેવા મહાન પરંપરાઓ વાળા દેશ માટે પ્રજાતંત્ર પ્રણાલી જ ઉપયુક્ત થઈ શકે છે, શરત એ છે કે આ પદ્ધતિને પશ્ચિમી નકલ ઉતારવા વાળાને ન રહેવા દઈને પોતાના દેશની પરિસ્થિતિની અનુરૂપ ઘડવામાં આવે. પોતાની આ માન્યતાઓના આધાર પર આપણે યુગ-નિર્માણની વિશાળ યોજના બનાવીએ છીએ.

સામ્યવાદી સિદ્ધાંતોની અનુરૂપ સમસ્યાઓનું સમાધાન સરળ છે. એ પદ્ધતિની અંતર્ગત વ્યક્તિનું સ્વતંત્ર વ્યક્તિત્વ નથી રહી જતું. તે મશીનનો એક સ્પેરપાર્ટ માત્ર રહી જાય છે. સરકાર જે કંઈક ઈચ્છે, એ જ રીતે તેને વિચારવા અને રહેવા માટે મજબૂર થવું પડે છે.

જનપ્રયત્ન જ પ્રજાતંત્રી પ્રગતિની કરોડરજ્જુ રહે છે. વ્યક્તિ અને સમાજની અગણિત સમસ્યાઓનું નિરાકરણ પણ જનસ્તર પર જ કરવાનું હોય છે. એટલા માટે પોતાની યોજનામાં જનજાગરણ, લોકમાનસ નિર્માણની તરફ વધારે ધ્યાન આપવામાં આવ્યું છે અને એ પ્રયત્ન કરવામાં આવ્યો છે કે લોકચેતનાને પ્રખર, પ્રબુદ્ધ અને પ્રગલ્ભ બનાવવામાં આવે, લોકશક્તિને પ્રબળ કરવામાં આવે અને જનસહયોગથી એવી અગણિત રચનાત્મક પ્રવૃત્તિઓનો ઉદ્ભવ કરવામાં આવે, જે વ્યક્તિ અને સમાજને ઉચ્ચથી ઉચ્ચતમ સ્થિતિની તરફ અગ્રેસર કરતો જાય.

### દેશના આત્માની અનુરૂપ પ્રયાસ

ભારતની એવી અગણિત વિશેષતાઓ તથા પરિસ્થિતિઓ છે જે બીજા દેશોથી એટલો સ્પષ્ટ તાલમેળ નથી ખાતો, જેનાથી અન્ય દેશોમાં થયેલ પ્રયોગોની નકલ કરીને અહીં પણ નવનિર્માણની યોજના બનાવી શકાય. એટલી વધારે ભાષાઓમાં ધર્મ-સંપ્રદાયોમાં, પ્રથા-પરંપરાઓમાં ગ્રસ્ત બીજો દેશ નહીં મળે. કુરિવાજો પણ ઘણા પ્રમાણમાં છે. એક હજાર વર્ષની ગુલામીએ અહીંની વિચારણાઓ-માન્યતાઓ તથા પ્રથા-પરંપરાઓ એવી બનાવી દીધી છે, જે પ્રગતિના દરેક પ્રયત્નમાં અડચણ સાબિત થાય છે. બીજા દેશોની મુખ્ય સમસ્યાઓ આર્થિક હતી, જે ઉત્પાદન-ઉદ્યોગ વધારવાથી સહજ જ નિરાકરણ થઈ ગયું છે. અહીંની સમસ્યાઓ મુખ્ય રૂપે સામાજિક છે. આપણે ગરીબ એટલા માટે નથી કે અહીં ઉત્પાદન, ઉદ્યોગ, શ્રમ અથવા પ્રકૃતિ સંપદાની ઉણપ છે. અહીંની ગરીબી સામાજિક કુરિવાજોની પ્રતિક્રિયા માત્ર છે.

અહીં યુગઋષિએ વૈવાહિક કુરિવાજો-દહેજ, અપવ્યય, જાતિવાદ, અસ્પૃશ્યતા, મૃતકભોજ, પડદા પ્રથા, નશા-વ્યસન, ફેશન વગેરેમાં ખર્ચ થનારો સમય અને સાધનોનું વિવરણ આપતાં એ સાબિત કર્યું છે કે એમાં લાગવાવાળો સમય, શ્રમ, મનોયોગ તથા ધનને અગર સર્જનશીલ-સાર્થક પ્રયોજનોમાં લગાવી શકીએ, તો દેશની આર્થિક સ્થિતિ સુધરતાં વાર નહીં લાગે.

### આર્થિકની સાથે માનસિક વિકાસ

આપણે એવું નથી વિચારતા કે કેવળ આર્થિક સુવિધા-સાધન વધારવાથી આપણો દેશ સમૃદ્ધ અને સુવિકસિત બની જશે. આર્થિક વધારા માટે કરવામાં આવેલ પ્રયત્નોનું સ્વાગત કરવું જોઈએ, પરંતુ એ ન ભૂલવું જોઈએ કે પોતાની વર્તમાન વિચાર પદ્ધતિ, સામાજિક સ્થિતિ અને નૈતિક પૃષ્ઠભૂમિમાં સુધાર ન કરવામાં આવે, તો સમૃદ્ધિ વધવાથી કંઈ પણ લાભ થશે નહીં, પરંતુ તે સંપન્નતા દુષ્ટ દુર્બુદ્ધિની સખી બનીને વધારે વિકરાળ પરિસ્થિતિ પેદા કરશે. એ આપણે ભીની આંખોથી આગળ સ્પષ્ટ જોઈ રહ્યા છીએ.

છેલ્લા દિવસોમાં જ્યાં-જ્યાં જેટલી-જેટલી સંપન્નતા વધી છે, ત્યાં એટલા જ વેગથી વ્યસન, અપરાધ, અનાચાર અને વિગ્રહ વધ્યા છે. મુકદમાની, અપરાધોની સંખ્યા વૃદ્ધિ અને આર્થિક ઉન્નતિનો તાલમેળ બેસાડી નિષ્કર્ષ કાઢવામાં આવે, તો એ જ પરિણામ નિકળશે કે સંપન્નતાને વધારવાથી મનુષ્યની પ્રગતિમાં રત્તી ભર પણ વૃદ્ધિ નથી થઈ. દૂરદર્શિતા ન વધવાથી તે પૈસા કુરિવાજો, મુકદમાબાજી તથા બીજી વ્યર્થ વાતોમાં ચાલ્યો જાય છે. આ સ્થિતિ જ્યાં સુધી બની છે, ત્યાં સુધી માત્ર આર્થિક પ્રગતિની વાત વિચારતા રહેવાથી કંઈ કામ નહીં ચાલે.

### સામાજિક ક્રાંતિ જોઈએ

આપણે વિચારક્રાંતિ, સામાજિક ક્રાંતિ અને નૈતિક ક્રાંતિને રાજનૈતિક ક્રાંતિની એવી સખી માનીએ છીએ, કે જેના વગર અપૂર્ણતા જ બની રહેશે. સ્વરાજ્ય ત્યાં સુધી અધૂરું છે, જ્યાં સુધી આપણે બૌદ્ધિક અને સમાજિક મૂઢતાના નાગપાશથી છુટકારો નથી મેળવી લેતા, એટલા માટે પોતાની યોજનાઓમાં આર્થિક પ્રગતિને ગૌણ અને ભાવનાત્મક પ્રગતિ-સામાજિક સ્વચ્છતા અને નૈતિક ઉત્કૃષ્ટતાની અભિવૃદ્ધિને અતિ આવશ્યક, તુરંત ધ્યાન આપવા યોગ્ય કાર્ય માનવામાં આવ્યું છે. એનું તાત્પર્ય આર્થિક ઉન્નતિની ઉપેક્ષા નહીં, કેવળ એટલું જ છે કે એ એક પક્ષને બીજા બધા મળીને સંભાળે, પરંતુ એની તરફ કોઈનું ધ્યાન જતું નથી. એ ઉપરોક્ત ત્રિવિધ ક્રાંતિના કાર્યક્રમને આપણે લોકો સંભાળીએ અને આગળ વધારીએ.

યુગ નિર્માણ યોજનાને ઉપરોક્ત માન્યતાઓના આધાર પર સાકાર કરવામાં આવે છે. જો તેને સમુચિત સહયોગ મળી શકે, તો નિ:સંદેહ વર્તમાન જટિલ પરિસ્થિતિઓને આગામી દિવસોમાં સુખ-શાંતિ, સમૃદ્ધિ અને પ્રગતિથી હર્યોભર્યો બનાવી શકાય છે.

**આદર્શોની સ્થાપના કરતાં સમયે સજ્જનોને, ઉદાર મહામાનવોને જ સામે રાખો, છીછરાઓની નકલ ન કરો.**

# સમગ્ર ગુજરાતમાં વિરાટ પુસ્તક મેળાઓના આયોજનો

## સુરત જિલ્લા ગાયત્રી પરિવારના વિરાટ પુસ્તક મેળામાં ૯ લાખ રૂપિયાના સાહિત્યનું થયેલ વેચાણ







**સુરત (ગુજરાત)**

તા-૨૨ થી ૨૭ જાન્યુઆરી-૨૦૧૦ દરમ્યાન સુરત મ્યુ.કોર્પોરેશન દ્વારા રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં ગાયત્રી પરિવારે ૧૦૦ ફૂટ-૨૦ ફૂટનો વિશાળ સાહિત્ય સ્ટોલ એક લાખ વીસ હજારમાં ભાડે રાખ્યો હતો. આ પુસ્તક મેળો છ દિવસ સુધી ચાલ્યો હતો. જેમાં ૧૨ થી ૧૫ લાખ વ્યક્તિઓએ મુલાકાત લીધી હતી.

આ વિરાટ સાહિત્ય સ્ટોલનું ઉદ્ઘાટન સુરતના ડી.ડી.ઓ.શ્રી જે.બી.વોરા સાહેબના વરદ્હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાયત્રી તપોભૂમિ મથુરાના પરિવ્રાજક શ્રી સત્યેન્દ્ર પ્રકાશ સરવૈયા, યુગશક્તિ ગાયત્રી માસિકના સહસંપાદક શ્રી ઘનશ્યામભાઈ પટેલ અને ગાયત્રી જ્ઞાનપીઠ અમદાવાદના ડૉ.રાજેન્દ્ર પ્રસાદ હાજર રહ્યા હતા. આ પુસ્તક મેળા દરમ્યાન સુરતના શહેરના અનેક પુસ્તક પ્રેમીઓ તેમજ સુરત જિલ્લાના પ્રાણવાન કાર્યકર્તાઓ ઉત્સાહભર્યા વાતાવરણમાં હાજર રહીને પોતાની સેવાઓ આપી હતી.

આ પુસ્તક મેળાની મુલાકાત પછી ડી.ડી.ઓ.શ્રી વોરા સાહેબે પોતાના ભાવ વિભોર ઉદ્બોધનમાં જણાવ્યું કે પૂજ્યશ્રીએ લખેલ સાહિત્ય એ ખરેખર પરમાત્મા દ્વારા પ્રાપ્ત થયેલ સંદેશ છે જે નવા વિચારો અને નવી દૃષ્ટિ પ્રદાન કરે છે. શ્રી વોરા સાહેબે અંગત રીતે પોતાના ઘરે પૂજ્યશ્રીના સંપૂર્ણ વાંગ્મયની સ્થાપના કરાવી હતી અને પોતાને ગાયત્રી પરિવારના પરિજન તરીકે ઘોષણા કરી મિશનની કોઈ પણ સેવામાં મદદરૂપ થવાની તૈયારી દર્શાવી હતી.

મથુરાના શ્રી સરવૈયાજીએ પરમ પૂજ્ય ગુરુદેવની યોજના અને પરિજનોના કર્તવ્ય પર ખૂબ જ માર્મિક ઉદ્બોધન કરી બધાને ઝકઝોર્યા હતા. તેમણે યુવાનો માટે સાહિત્ય સેટની યોજના સમજાવી હતી અને શ્રી ઘનશ્યામ ભાઈ પટેલે ગાયત્રી તપોભૂમિની વિસ્તૃત થઈ રહેલ કાર્યયોજનાને સફળ બનાવવા માટે સહયોગી બનવા અપીલ કરી હતી. તેમજ ગાયત્રી જ્ઞાનપીઠ અમદાવાદના ડૉ.રાજેન્દ્ર પ્રસાદે જન્મશતાબ્દી વર્ષમાં પૂજ્ય ગુરુદેવનો સંદેશો ઘરે-ઘર પહોંચે તે માટે યુગશક્તિ ગાયત્રીના ગ્રાહકો ડબલ થાય તે માટેનું માર્ગદર્શન આપ્યું હતું.

યુવાનો રાષ્ટ્રના ભાવિ ઘડવૈયા છે. તેમનામાં નવી ચેતના, નવી જાગૃતિ,નવા વિચારો, નવા સંસ્કારોનું ઘડતર થાય તો રાષ્ટ્રનું ભવિષ્ય ઉજ્જવળ બને એને લક્ષ્યમાં રાખી છાત્ર ઉપયોગી સેટ જિલ્લાની યુનિવર્સિટી તેમજ દરેક કોલેજો અને હાઈસ્કૂલોને એકલાખ પચાસ હજાર સેટ પહોંચાડવાનો જન્મશતાબ્દી વર્ષનો સંકલ્પ કર્યો હતો. દરેકે આ મેળામાં એ અનુભૂતિ કરી કે ભૌતિકતાથી ઉપર ઉઠી જનમાનસને આધ્યાત્મિક ઉર્જા, નવી ચેતના, પ્રાણ-પ્રકાશનો અનુભવ થયો હતો. આ પુસ્તક મેળામાં તમામ સાહિત્ય બ્રહ્મભોજમાં (૫૦ ટકા કિંમતે) વેચાણ કરવામાં આવ્યું હતું. જેમાં ૯ લાખ રૂપિયાના સાહિત્યનું વેચાણ થયું હતું. આ પુસ્તક મેળામાં ભાવનગર ગાયત્રી પરિવારના પરિજનોનો અનન્ય સહયોગ સાંપડ્યો હતો. આ ઉપરાંત સુરત જિલ્લાના અને શક્તિપીઠોના અનેક પ્રાણવાન પરિજનોના સહકારથી જ આ ગગનચુંબી સફળતા મળી હતી.જેમાં શ્રી મધુસુદન મહેતા, ડૉ.ઈંદ્રવદન વૈદ્ય, શ્રી મોહનભાઈ પટેલ, શ્રી મનજીભાઈ, શ્રી ગણપતભાઈ,શ્રી પ્રાગજીભાઈ, હસમુખભાઈ ટેલર, વિપુલભાઈ, દમયંતિબેન-શ્રી મહાપાત્ર, શ્રી સંદીપભાઈ, સરલાબેન, અમિતાબેન, નયનાબેન, હંસાબેન, ઉર્મિલાબેન, મનુભાઈ, ગુલાબભાઈ, દક્ષાબેન, વિપાબેન, રમણભાઈ, કોકિલાબેન વગેરે ભાઈ-બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.








## પુસ્તક મેળામાં પ્રાપ્ત થયેલ લોકોના અભિપ્રાયોનો સારાંશ

➢ખૂબ જ અદ્ભૂત પુસ્તકો ખરીદતા આનંદ થયો. -બ્રહ્માકુમારી

➢ચારે વેદ ગુજરાતીમાં ખરીદી અને આટલી વિશાળ સંખ્યામાં સાહિત્ય જોઈ આનંદ થયો-અભિનંદન. -સ્વામી નારાયણના સંતો

➢શ્રીરામ શર્માજી દ્વારા લખાયેલ પુસ્તકોની શ્રેણી જોઈ અભિભૂત થઈ ગયો. એક જ વ્યક્તિ દ્વારા ૩૨૦૦ પુસ્તકો લખવા જાણી સુખદ્ આશ્ચર્ય થયું. પુસ્તકો માનવ જીવનની સરળતા અને નૈતિકતાની નિષ્ઠાનું પ્રતિબિંધ પાડે છે. તેમને કોટી કોટી વંદન આવા પુસ્તકો બીજે મળવા દુર્લભ છે. -અબ્બાસખાન

➢ઘણા સુંદર અને વિશિષ્ટ પુસ્તકો માટે હાર્દિક અભિનંદન -અબ્દુલ હકીમ એ શેખ

➢''ભીડમાં મુસ્લીમ ભાઈ અને બુરખાધારી યુવાન બહેનો પણ મોટી સંખ્યામાં પુસ્તકો ખરીદતા જોઈ ખરેખર આશ્ચર્ય થયું.'' ➢ધર્મ અને સંસ્કાર જાણવા મળ્યા.➢આવા વિચારો યુવા પેઢીમાં આવે એ અગત્યનું છે. ➢બાળકોમાં સારા વિચારો લાવી, પાયાનું સિંચન કરી શકાય. ➢આજના મનુષ્યો માટે અમૃતબિંદુ છે. ➢ભગવાનની કૃપા વિના આવું સાહિત્ય લખવું અસંભવ છે. ➢સમાજ ઉત્થાન માટે ખૂબ જ સુંદર પ્રયત્ન છે. ➢પુસ્તકોએ આ મેળામાં યુગક્રાંતિ કરી હોય એવું લાગ્યું. ➢રાષ્ટ્રીય જાગૃતિ અને વિદ્યાર્થી વિકાસ માટે ખૂબ જ ઉપયોગી છે.➢સાચી આધ્યાત્મિકતા માટે શ્રેષ્ઠ માર્ગદર્શન છે.➢માનવ સેવાનો સાચો શ્રેષ્ઠ પ્રયાસ છે.➢પુસ્તકો દ્વારા સાધના, વિદ્યા-વિસ્તાર, સંગઠન, રાષ્ટ્રીય જાગૃતિ અને સર્જનાત્મક આંદોલનને ગતિ મળશે. આવા નૈતિક અને સાંસ્કૃતિક સાહિત્ય સરળતાથી લોકભોગ્ય બનવાથી મનુષ્યના ગુણકર્મ અને સ્વભાવ શ્રેષ્ઠ બને એ જ દેવત્વનો ઉદય છે.

## લ્યો, હવે પુસ્તકો વાંચવાનું પ્રિસ્ક્રીપ્શન !

**વિદેશના એક નામાંકિત ડૉક્ટરે અનુભવથી એવું શોધી કાઢ્યું કે મનુષ્યના વિવિધ રોગના ભોગ બનવાનું નેવું ટકા મૂળભૂત કારણ તેના કુવિચારો, દુર્ભાવનાઓ, વિકૃત ચિંતન અને દુષ્પ્રવૃત્તિઓ છે, જે તેના અચેતન મનમાં બીજ રૂપે ધરબાયેલા હોય છે. એટલે અમુક પ્રકારના રોગો, અમુક પ્રકારની માનસિક વિકૃતિનું પરિણામ છે.**

**આ તથ્યને ધ્યાનમાં રાખી તે ડૉક્ટરે તેમની પાસે આવતા દર્દીઓને વિશેષ પ્રકારની વિચારધારા વાળા પુસ્તકો વાંચવા માટેનું પ્રિશ્ક્રીપ્શન લખી આપતા હતા. પ્રિશ્ક્રીપ્શનમાં દવાને બદલે વાંચવા માટે પુસ્તકો! કમાલની વાત છે! જાદુ એવો થયો કે દવા વિના લોકો પુસ્તકો વાંચી સાજા થવા લાગ્યા. તાત્પર્ય એ કે વિચારો અને ભાવનાઓનું પરિશોધન થવાથી મનુષ્ય દુષ્કૃત્યથી બચી જાય છે, પરિણામે દવા વિના રોગમાંથી છૂટકારો સંભવી શકે છે, તેનું આ વૈજ્ઞાનિક પ્રતિપાદન છે.**

**સદ્સાહિત્ય વાંચવાનો આ પ્રભાવ છે. યુગ તપસ્વી પરમ પૂજ્ય ગુરુદેવના સાહિત્યના પ્રભાવની તો વાત જ શું કરવી? એવું ન બને! કે આવતા દિવસોમાં એવા કોઈ ડૉક્ટર પરમ પૂજ્ય ગુરુદેવના પુસ્તકો વાંચવા માટેનું પ્રિશ્ક્રીપ્શન લખી દર્દીઓને રોગ મુક્ત કરી શકે. વિચાર ક્રાંતિનું મહત્ત્વ ત્યારે લોકોને સમજાશે.**

## મેઘાણીનગર શાખામાં એકતા અને અખંડતાના દર્શન

**મેઘાણીનગર (અમદાવાદ)**

તા-૧૬ માર્ચ થી તા-૨૪ માર્ચ સુધી ચૈત્રી નવરાત્રિ દરમ્યાન પર્ણકુંજ ફલેટ-૨માં સામૂહિક ગાયત્રી મહામંત્ર જપ અને ગાયત્રી ચાલીસા પાઠનું અનુષ્ઠાન કરવામાં આવ્યું. જેની પૂર્ણાહુતિ ૩૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે કરવામાં આવી. જેમાં ૪૩૨ બહેનો અને ૧૧ ભાઈઓએ ભાગ લીધો હતો. પૂર્ણાહુતિ સમયે ૧૮ ભાઈઓએ પોતાના વ્યસનો છોડ્યા હતા. યજ્ઞમાં વિભિન્ન સંસ્કારોનો ક્રમ પણ ચાલ્યો હતો. જેમાં પુંસવન સંસ્કાર-૧૧ કરાવવામાં આવ્યા હતા.

આ યજ્ઞનું સંચાલન શ્રી સરોજબેન એ. પટેલ, શ્રી સાંકાભાઈ પટેલ અને શ્રી એન.કે.સાહેબે કર્યું હતું.

**ઘાટલોડિયા (અમદાવાદ)**

આસોપાલવ સોસાયટીમાં ૭૭ બહેનોએ સામૂહિક અનુષ્ઠાન સંપન્ન કર્યું હતું.હીરાકુંજ એપાર્ટમેન્ટમાં ૩૭ બહેનોએ સામૂહિક અનુષ્ઠાન કર્યું હતું. અભિનંદન ઘાટલોડિયામાં ૧૦ બહેનોએ સામૂહિક અનુષ્ઠાન કર્યું હતું.શ્યામ એપાર્ટમેન્ટમાં ૧૫ બહેનોએ સામૂહિક અનુષ્ઠાન કર્યું હતું.

**કર્મની પૂજા જ પરમાત્માની સાચી ઉપાસના છે.**

# ગુજરાતમાં ઠેર-ઠેર વિરાટ પુસ્તક મેળાઓની ધૂમ મચી

## બોડેલીમાં યોજાયેલ વિરાટ પુસ્તક મેળામાં દોઢ લાખના સાહિત્યનું વેચાણ

**બોડેલી (વડોદરા)**

તા-૧૨ ફેબ્રુઆરી-૧૦ થી તા-૧૫ ફેબ્રુઆરી -૧૦ સુધી વડોદરા જિલ્લાના બોડેલીમાં પંચ તાલુકા ગાયત્રી પરિવાર દ્વારા રામકબીર મંદિર, પોલીસ સ્ટેશન પાછળ વિશાળ પ્રાંગણમાં ચાર દિવસીય વિરાટ પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં આદિવાસી પછાત વિસ્તારમાં લગભગ ૧,૫૦,૦૦૦ રૂપિયાનું યુગ સાહિત્ય અડધી કિંમતે વેચાણ કરવામાં આવ્યું




હતું. જેમાં બાળ નિર્માણની વાતો, આરોગ્ય, આયુર્વેદ ઔષધિ દ્વારા ઉપચાર, યોગ શિક્ષણ, નૈતિક શિક્ષણ, વાંગ્મય સાહિત્ય, નારી જાગરણ, વ્યસન મુક્તિ, ગાયત્રી ઉપાસના, સાધના વિષયક પુસ્તકો-ની ખૂબ જ માંગ રહી. વડોદરા પૂર્વના પાંચ તાલુકા સંખેડા, પાવી જેતપુર, ક્વાંટ, નસવાડી, છોટા ઉદેપુર જેવા આદિવાસી વિસ્તારમાં ખૂબ જ પ્રચાર કરવામાં આવ્યો હતો.

તા-૧૨ ફેબ્રુઆરી-૧૦ના રોજ પ્રાતઃ ૮.૪૫ કલાકે આ પુસ્તક મેળાનું ઉદ્દ્ઘાટન તથા દીપ પ્રાગટ્ય સ્વામી-નારાયણ સંપ્રદાયના સંતશ્રી પરમનયન સ્વામી તીર્થ તથા સારસા (આણંદ)ના તાબાના સત કેવલ સંપ્રદાયના સંતશ્રી રમેતીરામ તથા બોડેલીની મસ્જિદના મૌલવી સાહેબ, અંબિકા કોટન મીલ તથા ઢોકલીયા ગ્રામ પંચાયત, સરપંચશ્રી મનુભાઈ અગ્રવાલ, શેઠશ્રી ટી.સી.કાપડીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ બોડેલીના પ્રીન્સીપાલ શ્રી ચરણદાસ એન.પટેલ, શેઠ એચ.એચ.શિ. હાઈસ્કૂલના આચાર્ય તથા સંજીવની એજ્યું.ટ્રસ્ટના પ્રમુખ શ્રી જે.આર.શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

સંત શ્રી રમેતીરામજીએ જણાવ્યું કે ''શ્રીરામ શર્માજી જેવા મહાપુરુષોના દિવ્ય વિચારોને આપના જેવા શિષ્યો જવાબદારી સમજી સમાજના ઉત્થાનમાં અગ્રગણ્ય ફાળો આપી રહ્યા છો તેમાં ગુરુ અને શિષ્યની સાચી લાગણીના દર્શન થાય છે. ગુરુકાર્યમાં સમર્પણની ભાવના જાગૃત છે તેનો મને આનંદ છે.''

આ પુસ્તક મેળામાં બોડેલીના શ્રી રમેશભાઈ આર.પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ ચૌહાણ, શ્રી બકોરભાઈ પટેલ, શ્રી કિશોરભાઈ (કોસીન્દ્ર) તથા શ્રી ગોરધનભાઈ શાહ (પાવી જેતપુર) ના પછાત, આદિવાસી પરિજનોના ઉત્થાન માટે ભારે જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા પાંચ તાલુકાઓના દરેક ગાયત્રી પરિવારના પરિજનોએ તથા વડોદરાના આશાભાઈ પારેખ અને વર્ષાબેન આહિત દ્વારા તમામ સાથ-સહકાર આપ્યો હતો.

## પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દી અંતર્ગત આણંદમાં યોજાયેલ પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ શૃંખલા

**આણંદ (ગુજરાત)**

તા-૨૭ જાન્યુઆરી-૧૦ના દિવસે પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દી અંતર્ગત આણંદ શહેરમાં તમામ સોસાયટીઓમાં પંચકુંડી અને ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞોની શૃંખલા સતત ચલાવી છે. જેના અંતર્ગત આણંદ જિલ્લા સંગઠિત ગાયત્રી પરિવારના કર્મઠ, નિષ્ઠાવાન પરિજનો શ્રી હર્ષદભાઈ ભટ્ટ, શ્રી કાન્તીભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ પટેલ, શ્રી અશોકભાઈ ભટ્ટ, શ્રી સુરેશભાઈ પટેલ તથા રમેશભાઈ સુથારના સતત જન-સંપર્ક અને પ્રચાર-પ્રસારના માધ્યમથી પૂજ્યવરના વિચારોને જન-જન સુધી પહોંચાડી રહેલ છે. ઉપરોક્ત પરિજનો દ્વારા આણંદ જિલ્લામાં ૧૧ સોસાયટીઓમાં પંચ કુંડી ગાયત્રી મહાયજ્ઞો, ત્રણ જગ્યાએ ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ અને એક જગ્યાએ ૫૧ કુંડી ગાયત્રી મહયજ્ઞ સંપન્ન કરવામાં આવ્યો. તેની સાથે સાથે સ્ટીકર અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે. યજ્ઞ દરમ્યાન વિભિન્ન સંસ્કારો, વ્યસન-મુક્તિ, નારી ભ્રુણહત્યા નાબુદી, વૃક્ષારોપણ વગેરે કાર્યક્રમો કરાવવામાં આવે છે.

યજ્ઞમાં દરેક પરિજનોને ગાયત્રી મંત્ર લેખન બુકો, પૂજ્યવરનું સાહિત્ય વહેંચવામાં આવ્યું. સાથે સાથે તેમના જન્મદિવસ, વિવાહ દિવસ, પુંસવન,નામકરણ વગેરે સંસ્કાર કરાવવામાં આવ્યા. ૭૦ લોકોએ પોતાના વ્યસનો છોડ્યા.

તા-૭ ફેબ્રુઆરી-૧૦ના દિવસે આણંદ શહેરના એકતા નગર (ઝુંપડપટ્ટી) વિસ્તારમાં સફાઈ અભિયાનની સાથે વ્યસનમુક્તિ આંદોલન સાથે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમના મુખ્ય યજમાન દાતા શ્રીમતી ઉષાબેન રમેશભાઈ પટેલ (પૂર્વ ઈંગ્લીશ ઈંસ્ટીટ્યુટ વિદ્યાનગર-સ્વાતંત્ર્ય સેનાની સ્વ.રમેશભાઈ પટેલના ધર્મપત્ની) તથા ધર્મધ્વજા આરોહણ શ્રી દિપક-ભાઈ પટેલ (પ્રમુખ શ્રી આણંદ જિલ્લા ભાજપ) ના વરદ્હસ્તે કરવામાં આવ્યું. દીપ પ્રાગટ્ય શ્રીમતી સેજલબહેન પટેલ (પ્રમુખ શ્રી આણંદ નગર પાલિકા) તથા શ્રીમતી નિલાબેન પટેલ (મહામંત્રી ભાજપ-મહિલા મોરચો આણંદ), શ્રીમતી કોકિલાબેન પટેલ (સદસ્ય આણંદ તાલુકા પંચાયત) અતિથિ વિશેષ ડૉ. અનિલભાઈ ઝા (કાર્ડિયાક સર્જન મહાગુજરાત હોસ્પિટલ નડિયાદ) તેમના તરફથી ઝુંપડપટ્ટીમાં રહેતા દરેક ભાઈ-બહેનોને પૂજ્યશ્રીનું સાહિત્ય, પ્રજ્ઞા સેટ વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. તેની સાથે ગાયત્રી મંત્રલેખન બુકો, શ્રીમતી હેમાબેન રશ્મીભાઈ પટેલ (અમેરિકા) તરફથી વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. આણંદ જિલ્લા સંગઠિત ગાયત્રી પરિવારના ભાઈ-બહેનોએ સફાઈ અભિયાન ચલાવ્યું. શ્રી દીપકભાઈ પટેલ (માજી સાંસદસભ્ય) પ્રમુખશ્રી આણંદ જિલ્લા ભાજપ અવારનવાર શાંતિકુંજ હરિદ્વારની મુલાકાતે આવે છે અને તેઓ પોતાને ગાયત્રી પરિવારના જૂના કાર્યકર્તા માને છે. જેઓએ પોતાનુ સ્વાગત ન કરવા અપીલ કરી.

ડૉ.અનિલભાઈ ઝાએ સ્વચ્છતા અભિયાન વિશેની વાત સરળ રીતે શબરી અને કેવટના દૃષ્ટાંતો આપીને સમજાવી. દરેક વ્યક્તિના ઘરનું આંગણું ચોખ્ખું હોવું જોઈએ, દરિદ્રનારાયણની વાત પણ યજ્ઞ સંચાલન કરી રહેલ શ્રીમતી જ્યોતિબેન દરજી (પ્રજ્ઞાપુત્રી ગાયત્રી શક્તિપીઠ વાસણા)એ સારી રીતે સમજાવી. વ્યસન મુક્તિ આંદોલનમાં શ્રીમતી જ્યોતિબહેને દરેક વ્યક્તિને ઉભા કરીને પૂજ્ય ગુરુદેવ અને વંદનીય માતાજીના ચિત્રો આગળ ફૂલ ચોખા મુકાવી વ્યસન છોડવા સંકલ્પ લેવાડાવ્યા. જેમાં ૧૦ લોકોએ દારૂ, ૩૧ લોકોએ ગુટખા, બીડી છોડી દીધી. દર ગુરુવારે રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ દરમ્યાન નિયમિત સ્વાધ્યાય-પ્રાર્થના કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો.

ગાયત્રી યજ્ઞ શૃંખલા અંતર્ગત તા-૮ ફેબ્રુઆરીના દિવસે આમરોલ ગામે ૫૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. યજ્ઞના અંતમાં ૪૦ લોકોએ પોતાના વ્યસનો છોડ્યા હતા.

આમરોલના ૫૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞને સફળ બનાવવા માટે શ્રી હર્ષદભાઈ ઠક્કર, શ્રી સામંતસિંહ પઢિયાર, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી વજુભાઈ ઠક્કર, શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી અશોકભાઈ પઢિયાર તેમજ આણંદ જિલ્લાના પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

તા-૧૪ ફેબ્રુઆરીના દિવસે વિદ્યાનગરના રઘુવીર ટેનામેન્ટ સોસાયટીમાં ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સાથે સંસ્કારોનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ યજ્ઞમાં ૩૬ લોકોએ પોતાના વ્યસનો છોડ્યા હતા. આ યજ્ઞમાં આણંદ મત વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ભાગ લેનારાઓ ને રિદ્ધિ-સિદ્ધિ ભાગ-૧,૨, રામબાગ, વૈભવ સોસાયટીના તમામ ભાઈ-બહેનોને પ્રજ્ઞા સેટની નાની પુસ્તિકાઓ અને ગુરુસત્તાથી સાક્ષાત્કાર પુસ્તકો વિના મૂલ્યે વહેંચવામાં આવ્યા.

તા-૧૮ ફેબ્રુઆરીના દિવસે શનિશ્વર ધામમાં ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ દ્વારા પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દાવડા, દંતાલી, દેગામ, ડભાણ, ગંગાપુર, પલાલા, વસો, ખેડા, માતર વગેરે ગામના ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ યજ્ઞમાં શ્રી ગોવિંદભાઈ દેસાઈ અને શ્રી સનતભાઈ પી.પટેલ સહિત ૭૩ જોડાઓએ દેવપૂજન કર્યું હતું. યજ્ઞ દરમ્યાન ૧૬ લોકોએ પોતાના વ્યસનો છોડ્યા હતા.

## શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથા તથા ૯ કુંડી ગાયત્રી યજ્ઞનું આયોજન

**ગાયત્રી પ્રજ્ઞા મંડળ-વાઘપરા**
**મોરબી-જિલ્લો-રાજકોટ**

તા-૨૩ ફેબ્રુઆરી થી તા-૨૭ ફેબ્રુઆરી સુધી મોરબી તાલુકાના વાઘપરા ગામે ધૂનમંડળના યુવાનો તથા સમસ્ત ગામના સહયોગથી શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથાનું સુંદર આયોજન રાખવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની શરૂઆત ગામના રામજી મંદિરેથી વિશાળ શોભાયાત્રા/પોથીયાત્રા દ્વારા કરી વાજતે ગાજતે કથા સ્થળે પહોંચી હતી. જેમાં ૫૧ કળશધારી, ૨૪ જવારાધારી, ૨૫ પોથીધારી બહેનોનું આરતી ઉતારીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ સમગ્ર ગ્રામજનતા દ્વારા કથાકાર શ્રીમતી મીનાક્ષીબેન પટેલનું ઢોલ-ત્રાંસાથી સામૈયું કરી ગામની કુમારીકા દ્વારા કુમકુમ તિલક દ્વારા હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું.

કથામાં લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ શ્રોતાઓએ ભાગ લીધો હતો અને કથામાં આવતા સમાજ જીવનને અનુરૂપ દૃષ્ટાંતોથી ખૂબ જ પ્રભાવિત થયા. સૌને પૂજ્ય ગુરુદેવના સદવિચારો દ્વારા ઉત્કૃટ જીવન જીવવાનો નવો દૃષ્ટિકોણ મળ્યો.

કથાની સાથે સવારે ૯ કુંડી ગાયત્રી યજ્ઞ અને સંસ્કારોની પરંપરા પણ ચલાવવામાં આવી. જેમાં પુંસવન, વિદ્યારંભ તથા જન્મદિન વગેરે સંસ્કારો કરાવવામાં આવ્યા. છેલ્લા દિવસે કથાના અંતે દીપયજ્ઞ દ્વારા ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કથાની શાનદાર પૂર્ણાહુતિ કરવામાં આવી.

કથા અને યજ્ઞમાં ૧૦૮ લોકોએ પોતાના વ્યસનો છોડવાના સંકલ્પો લીધા. તમામ પરિજનોએ પોતાના જન્મદિવસ, વિવાહદિવસ ઉજવવા અને બલિવૈશ્વ હોમ, સૂર્યઅર્ધ્યદાન, દેવસ્થાપના કરાવવા જેવા અનેક સંકલ્પો લીધા. સાહિત્ય સ્ટૉલ પરથી લોકોએ હજારો રૂપિયાનું સાહિત્ય ખરીદ્યું.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે વાઘપર ગામના ધૂન મંડળના યુવાનો મોરબી ગાયત્રી પરિવારના પરિજનો તેમજ વડોદરાથી આવેલ શ્રી નારણભાઈ સવસાણી અને જામનગરથી આવેલ શ્રી વ્યાસભાઈ તથા જયશ્રીબેન વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

## જન્મશતાબ્દી અંતર્ગત પંચકુંડી ગાયત્રી યજ્ઞ શૃંખલા

**વાલસુરા (જામનગર)**

તા-૨૪ જાન્યુઆરી-૧૦ના દિવસે વાલસુરા ગામે પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું. સંખ્યાને જોતાં યજ્ઞના કુંડ વધારીને ૭ કુંડ કરવામાં આવ્યા હતા.

એના પહેલાં નૌસેના વાલસુરામાં નવકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. સૈનિકોને પરમ પૂજ્ય ગુરુદેવના જીવન ચરિત્ર પર માર્મિક રીતે સમજૂતિ આપી તેમને ગાયત્રી મંત્રની વિશેષતા વિષે જાણકારી આપી. જેનો સૈનિકો પર ખૂબ જ પ્રભાવ પડ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાયત્રી શક્તિપીઠ વાલસુરાના ગાયત્રી પરિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સારસા ગાયત્રી પરિવાર દ્વારા જન્મશતાબ્દી પ્રયાજ કાર્યક્રમ

**સારસા તા-આણંદ**

તા-૧૬ માર્ચ થી ૨૪ માર્ચ સુધી ચૈત્રી નવરાત્રિ સામૂહિક ગાયત્રી મહામંત્ર અનુષ્ઠાન તથા ગાયત્રી ચાલીસા પાઠનું અનુષ્ઠાન કરવામાં આવ્યું. જેમાં ૨૫૦ થી ૩૦૦ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. જેની પૂર્ણાહુતિ યજ્ઞમાં સાડા ત્રણસો ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. વર્ષની બન્ને નવરાત્રિમાં દરેક સંપ્રદાયના ભાઈ-બહેનો અનુષ્ઠાનમાં બેસે છે અને છેલ્લે પુર્ણાહુતિમાં તમામ ભાઈ-બહેનો ભાગ લે છે. દર મહિનાની પૂનમ અને અમાસના દિવસે ગાયત્રી મહામંત્રના જપ સામૂહિક રૂપે કરવામાં આવે છે. સારસા મહિલા મંડળની બહેનો હળીમળીને પૂજ્યવરના કાર્યને ગતિ આપી રહી છે. આ બહેનો દ્વારા દરેક સંપ્રદાયની બહેનોના ઘરે-ઘરે સ્વાધ્યાય કરવા જાય છે. સાથે જ્ઞાનઘટની સ્થાપનાની સાથે સાહિત્યની પણ સ્થાપના કરે છે. મહિલા મંડળની શ્રીમતી સ્મીતાબેન પટેલ ખૂબ મહેનત કરે છે.

**જે ધર્મને અપનાવવાથી મનુષ્ય નુકશાનમાં રહે, તે સાચો ધર્મ ન હોઈ શકે.**

# વિભિન્ન પર્વો પર ગુજરાતમાં થઈ રહેલા જુદા જુદા પ્રયોગો

## ગાયત્રી શક્તિપીઠ 'ક્રાંતિકુંજ' અમદાવાદ ૮ મો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી

**ગાયત્રી શક્તિપીઠ- 'ક્રાંતિકુંજ'**

તા-૧૬ થી ૨૦ જાન્યુઆરી-૧૦ના દિવસોમાં ગાયત્રી શક્તિપીઠ 'ક્રાંતિકુંજ' અમદાવાદ (પૂર્વ)નો આઠમા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં અલગ-અલગ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. ખાસ આકર્ષણ તા-૧૭ જાન્યુઆરીના દિવસે 'દહેજ લીધા વગર આદર્શ લગ્ન અને સ્ત્રી ભ્રુણહત્યા ન કરવા અને સમાજમાં થતી ભ્રુણ હત્યા રોકવાના યથા પ્રયત્નો માટે દૃઢ સંકલ્પ કરવામાં આવ્યો'. આનંદ અને ઉલ્લાસથી દિવ્ય વાતાવરણમાં હજારો માણસોની ઉપસ્થિતિ અને શુભેચ્છાઓ સાથે આદર્શ લગ્નોત્સવ સંપન્ન થયો. ખાસ લગ્ન (પ્રસંગ) પછી તુરંત જ નવ દંપતિઓએ 'રક્તદાન' કર્યું.

આ પ્રાણ પ્રતિષ્ઠા પાટોત્સવમાં ઝોનલ અધ્યક્ષ શ્રી રાજુભાઈ દવે અને જિલ્લાના વરિષ્ઠ કાર્યકર્તાઓની ઉપસ્થિતિ રહી હતી.

જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે સાધના કેન્દ્રો અલગ-અલગ જગ્યાએ ઉભા કરવામાં આવ્યા. સામૂહિક સાધના કરવા-કરાવવાના સંકલ્પો લેવામાં આવ્યા.



લગ્ન (પ્રસંગ) પછી તુરંત જ 'રક્તદાન' કરી રહેલ નવ દંપતિઓ (ક્રાંતિકુંજ-અમદાવાદ)

## યુગશક્તિ ગાયત્રી ટ્રસ્ટ, નારણપુરા-અમદાવાદ

**નારણપુરા-અમદાવાદ**

તા-૧૬ થી ૨૪ માર્ચ સુધી ચૈત્રી નવરાત્રિના દિવસોમાં યુગ શક્તિ ગાયત્રી ટ્રસ્ટ નારણપુરા શાખાના પરિજનો દ્વારા સામૂહિક અનુષ્ઠાનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ગાયત્રી મહામંત્ર, ગાયત્રી ચાલીસા, ગાયત્રી મંત્રલેખન અનુષ્ઠાન કરવામાં આવ્યું. સામૂહિક અનુષ્ઠાનમાં લગભગ ૨૦૦ પરિજનોએ ભાગ લીધો હતો. અનુષ્ઠાનની સામૂહિક પૂર્ણાહુતિ તા-૨૪મી માર્ચના રામનવમીના દિવસે કરવામાં આવી. જેમાં ૫૦૦ પરિજનોએ ભાગ લીધો હતો. યજ્ઞમાં લગભગ ૧૦ વ્યક્તિઓએ પોતાના વ્યસનો છોડ્યા હતા. યજ્ઞની સાથે વિભિન્ન સંસ્કારો પણ કરાવવામાં આવ્યા હતા. જેમાં પુંસવન, વિદ્યારંભ, જન્મદિવસ સંસ્કાર પણ કરાવવામાં આવ્યા. તેની સાથે સાથે સર્વરોગનિદાન શિબિર પણ રાખવામાં આવી હતી. નેત્રયજ્ઞમાં ૨૦૦થી વધારે દર્દીઓએ પોતાની આંખોની નિઃશુલ્ક તપાસ કરાવી હતી. જરૂરિયાત મંદ લોકોને રાહતદરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાયત્રી મહાયજ્ઞનું સંચાલન પ્રો. મમતાબેન રામીએ કર્યું હતું. શહેરના જાણીતા લેખક પ્રો. પ્રહલાદભાઈ પટેલે સુસંતતિ વિષે સુંદર અસરકારક શૈલીમાં સમજુતી આપી હતી. તેમનું લખેલું પુસ્તક સુપર ચાઈલ્ડ (શ્રેષ્ઠ બાળક) અડધી કિંમતે ૫૦ નંગ વિતરણ કરવામાં આવ્યા. પરમ પૂજ્ય ગુરુદેવનું જૂનું સાહિત્ય તથા મંત્રલેખન બુકો ૨૦૦ નંગ વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું.

આ સમગ્ર કાર્યક્રમનું પ્રસારણ દૂરદર્શન તથા અન્ય ચેનલો તથા પ્રેસમીડિયા દ્વારા કવરેજ કરી દેખાડવામાં આવ્યું હતું.

## જન્મશતાબ્દી અંતર્ગત પંચકુંડી ગાયત્રી યજ્ઞ શૃંખલા

**ગાયત્રી પ્રજ્ઞાપીઠ ગોંડલ-રાજકોટ**

ગોંડલ ગાયત્રી પ્રજ્ઞાપીઠના પરિજનો જુદા જુદા વિસ્તારોની સોસાયટીઓમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ દ્વારા પૂજ્ય ગુરુદેવના જન્મશતાબ્દી મહોત્સવ નિમિત્તે સંદેશો પહોંચાડી રહ્યા છે. તે સંદર્ભમાં મહાશિવરાત્રી નિમિત્તે ગોંડલમાં ખોડીયારનગર ખોડિયાર મંદિરના મોટા સત્સંગ ભવનમાં પંચકુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચારસો પાંચસો ભાઈ-બહેનોએ જન્મશતાબ્દીનો સંદેશો સાંભળી દરેક ભાઈ-બહેનોએ ગાયત્રી ઉપાસના કરવાના સંકલ્પો લીધા. આ કાર્યક્રમ દરમ્યાન વિભિન્ન સંસ્કારોનો ક્રમ ચાલ્યો, જેમાં ૩ પુંસવન સંસ્કાર, ૧ અન્નપ્રાશન સંસ્કાર અને ૧૫ વિદ્યારંભ સંસ્કારો કરાવવામાં આવ્યા. યજ્ઞની પૂર્ણાહુતિમાં કેટલાક ભાઈઓએ પોતાના વ્યસનો છોડ્યા. આ વિસ્તારના કોર્પોરેટર શ્રી રાજેન્દ્રસિંહ જાડેજાએ પૂજ્ય ગુરુદેવ વેદમાતા ગાયત્રીનું વિશેષ પૂજન કરી ગુરુદેવના ચરણોમાં સત્પ્રવૃત્તિ વધે તે માટે પુષ્પાંજલિ સમર્પિત કરી. ખોડિયારનગરમાં ગાયત્રી પરિવારનું મહિલા મંડળ પણ સક્રિય છે. દર શનિવારે મહિલા મંડળની બહેનો દ્વારા ગાયત્રી સ્વાધ્યાય સાપ્તાહિક સત્સંગ દ્વારા ઋષિ સંદેશો પહોંચાડવામાં આવે છે. જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે ખોડિયારનગર મહિલા મંડળની બહેનો દ્વારા દરેક ઘરમાં એક એક કલાકના સામુહિક મંત્ર-જાપ-દીપયજ્ઞ દ્વારા પૂજ્યવરનો સંદેશ પહોંચાડવામાં આવે છે.

પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું સંચાલન ગોંડલના શ્રી ભરતસિંહ જાડેજા, કુ.વૈશાલી સાંગાણી તેમજ કુ.દિપ્તી સાંગાણીની ટોળીએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ખોડિયારનગર મહિલા મંડળની બહેનો શ્રીમતી હંસાબેન, લતાબેન, શોભનાબેન, સુભદ્રાબેન તથા ખોડીયાર મંદિરના પૂજારીએ ખૂબજ મહેનત કરી હતી.

## ગાયત્રી શક્તિપીઠ અલથાણ-ભટાર-સુરત (ગુજરાત)

**ગાયત્રી શક્તિપીઠ- અલથાણ-સુરત**

તા-૪ થી ૧૩ સપ્ટેમ્બર-૦૯ના દિવસોમાં અલથાણ-સુરતમાં અગ્રવાલ સમાજ હોલ ઘોડદોડ રોડ પર એક વિરાટ સાહિત્ય મેળાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં એ વિસ્તારમાં આવેલી તમામ શાળા, કૉલેજોમાં ગુરુદેવના સાહિત્યના સેટ, કેસેટ વિતરણ કરવામાં આવ્યું. શાળાના તેમજ કૉલેજોના વિદ્યાર્થીઓએ આ મેળામાં આવીને પુસ્તકોની ખરીદી કરી. જુદા જુદા સંપ્રદાયના લોકો આવી પોતાને યોગ્ય સાહિત્ય લઈ તેના જ્ઞાનનો પૂરેપૂરો લાભ લીધો, આમ સાહિત્ય મેળાનો લાભ લોકોને મળ્યો. આ જ્ઞાનયજ્ઞમાં યાજ-પ્રયાજ અને અનુયાજનું કાર્ય ઘણું જ સરસ થયું.

ઓક્ટોમ્બર મહિનામાં આસો નવરાત્રિ મહિલા મંડળની બહેનો તથા બીજા પરિજનો દ્વારા સામૂહિક અનુષ્ઠાન શક્તિપીઠ પર કરવામાં આવ્યું.

તા-૧૪ નવેમ્બરના દિવસે આ વિસ્તારની શાળાઓમાંથી ૩૦૦૦ થી વધુ બાળકોએ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા આપી. જેમાં ૨૦૦૯ના વર્ષને બુઝતા દિપકને ઝળહળતો રાખવા એક જ્ઞાનયજ્ઞના ભાગ રૂપે ક્રાંતિકારી નારા લગાવતા ૧૦ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તા-૩૧ ડિસેમ્બર-૦૯ના દિવસે વિશાળ કળશયાત્રાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ક્રાંતિકારી નારા લગાવ્યા. ગાયત્રી મંત્ર શબ્દ ધ્વનીને બ્રહ્માંડમાં ગુંજતો કરી વાતાવરણને સુંદર બનાવ્યું હતું. પાંચ કિલોમીટરની આ કળશયાત્રા શારદાયતન સ્કૂલથી વેસુરોડ પર આવેલી ભારતી મૈયા સ્કુલ પર પહોંચી જ્યાં શાળાના આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓનું અભિવાદન કરી ગુરુદેવના આશીર્વાદ લઈ છૂટા પડ્યા.

તા-૧ જાન્યુઆરી-૧૦ના દિવસે સાહિત્ય મેળાનું ઉદ્‌ઘાટન સવારે ૧૦ વાગે શાળાના આચાર્ય શ્રી રાજેન્દ્રસિંહ મહીડા દ્વારા કરવામાં આવ્યું. એ દરમ્યાન મહિલા સંમેલનનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓને સંબોધન કરવા પ્રજ્ઞા પુત્રી શ્રીમતી કાશ્મીરાબેન તેમજ પલ્લવીબેન આવ્યા હતા. તેમને નારી શક્તિનો પરિચય આપ્યો. નારીનું મહત્ત્વ તથા કર્ત્તવ્ય સમજાવ્યું. તેમની નારીની મહાનતાના દર્શન મહાન થઈ ગયેલી નારીઓમાં કરાવ્યા. ૨૧ મી સદીમાં નારીની જવાબદારીઓ વિશે રચનાત્મક કાર્યો દ્વારા તેને પૂર્ણ કરવા સમજાવવામાં આવ્યા. આ બહેનોએ મહિલા મંડળની સ્થાપના કરી ગુરુવરના કાર્યોને આગળ વધારવાનો સંકલ્પ લીધો. એની સાથે જ ૨૪ ઘરોમાં દેવસ્થાપના કરવામાં આવ્યુ. ઘરે-ઘર ગુરુદેવના સાહિત્યને પહોંચાડ્યું. આમ જ્ઞાનયજ્ઞની જ્યોત ઘર-ઘર પ્રકાશિત કરવામાં આવી. અલથાણ ભટાર ગાયત્રી શક્તિપીઠની સંચાલિકા શ્રીમતી હેમાંગીની બહેન દિલીપભાઈ દેસાઈ તથા અંજનાબેન રમેશચંદ્ર ચોકસીએ ભારે જહેમત ઉઠાવી હતી.


વિરાટ સાહિત્ય મેળાનું ઉદ્‌ઘાટન શાળાના આચાર્ય શ્રી રાજેન્દ્રસિંહ મહીડા



## માંડલિયા શેરીના લોકો બાળ-ઘડતર માટે કટિબદ્ધ

**ભુજ (કચ્છ)**

ભુજની માંડલિયા શેરી વિકાસ સમિતિ દ્વારા નારી જાગૃતિ અને બાળ ઘડતરના પ્રયાસોની સફળતા માટે પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞોની શૃંખલા આરંભ કરી દીધી છે.

સંગઠન દ્વારા સ્ત્રીઓ અને બાળકોની શક્તિઓનો વિકાસ થાય તેવા ઉદ્દેશ્યથી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. દેશનું ભાવિ જેમના હાથમાં છે એવા બાળકોનું બૌદ્ધિક સ્તર ઉંચુ લાવવા બાલ સંસ્કાર કેન્દ્રની સ્થાપના કરવાનો સંકલ્પ પણ લેવામાં આવ્યો.

માંડલિયા શેરીના લોકોની પ્રવૃત્તિઓ શહેરીજનો માટે ઉદાહરણ રૂપ બની રહેશે એવી આશા સાથે આરંભાયેલા આ સદ્‌કાર્ય પ્રસંગે કબીર મંદિરના મહંત કિશોરદાસજી મહારાજના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયું હતું. સ્વાગત સહજીવન સંસ્થાના પ્રોજેક્ટ કૉ.ઓર્ડિનેટર ધર્મેશભાઈ અંતાણીએ કર્યું હતું. માંડલિયા જ્ઞાતિના પ્રમુખ ઈન્દ્રવદન મહેતાએ આભાર માન્યો હતો.

**બલિવૈશ્ય યજ્ઞની પ્રેરણા**

**આસોપાલવ સોસાયટી-ઘાટલોડિયા**

ગાયત્રી પરિવાર ઘાટલોડિયા શાખાની બહેનોએ સંકલ્પ કર્યો છે કે રોજ ૬૬ ઘરોમાં જઈને બલિવૈશ્ય યજ્ઞની સમજુતી આપીને તેમને બલિવૈશ્ય કરવાનો સંકલ્પ કરાવવો. આમ રોજની ૧૦ બહેનો ૬૬૦ ઘરોમાં જાય છે અને દરેકને યજ્ઞ માટે પ્રેરણા આપે છે.

**વિલાસી વ્યક્તિ પોતાના શરીરને ખોખલું બનાવી કુતરાની મોતે મરે છે.**

# સમર્થોને નવસર્જન માટે પ્રેરિત કરી રહેલ યુગચેતના

## મુનિશ્રી તરુણ સાગરજીએ કહ્યું-'હમ બદલેંગે-યુગ બદલેગા'

**બાલાઘાટ (મધ્યપ્રદેશ)**

ક્રાંતિકારી રાષ્ટ્રસંત જૈન મુનિ શ્રી તરુણ સાગરજીના સાન્નિધ્યમાં શ્રી ગૌરીશંકર બિસેન-મંત્રી મધ્યપ્રદેશ સરકારે ગાયત્રી પરિવારના સુસજ્જિત 'શતાબ્દી જ્ઞાનરથ'નું પ્રથમ પૂજન કરી લોકાર્પણ કર્યું. બાલાઘાટમાં ચાલી રહેલ 'કડવે પ્રવચન'ના ક્રમમાં આ પહેલનું હાર્દિક સ્વાગત કરતાં મુનિશ્રીએ પરમ પૂજ્ય ગુરુદેવનું સૂત્ર 'હમ બદલેંગે-યુગ બદલેગા'ને ભાર આપતાં બોલ્યા. તેમણે કહ્યું કે આ પરિવર્તનની ક્ષણ છે, બદલો! પોતાને બદલો, પરિવારને બદલો અને સામાજિક પરિવર્તનમાં સહયોગ કરો. જૂની માન્યતાઓને, ભ્રાંતિઓને તોડો. પરિવર્તનના પ્રયોગ પહેલા પોતાનાથી શરૂ કરો, પછી પરિવાર અને સમાજને બદલો.

આ લોકાર્પણ સમારંભ હજારો લોકોની વિશાળ જનમેદનીની વચ્ચે સંપન્ન થયો. પૂર્વ જિલ્લા પંચાયત અધ્યક્ષ શ્રીમતી રેખા બિસેન, ધારાસભ્ય રામકિશોર કાબરે, જય કુમાર જૈન, સોહન વૈદ્ય, અભય સેઠિયા, સુભાષ બાફના વગેરે અનેક વિભૂતિઓ અને ગાયત્રી પરિવારના પ્રમુખ પરિજન સર્વશ્રી મહેશ ખજાંચી, ડૉ.ચારુદત્ત જોશી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ જ્ઞાનરથના લોકાર્પણની સાથે બાલાઘાટ જિલ્લાના પરમ પૂજ્ય ગુરુદેવના જન્મશતાબ્દી વર્ષમાં ગરિમાપૂર્ણ ભાગીદારીની તૈયારી કરી લીધી છે. ત્યાંના સૈંકડો પરિજન યુગઋષિનો સંદેશ જન-જીવનમાં સમાવિષ્ટ કરવાની પ્રેરણા સમાજને આપવા માટે નિકળી પડ્યા છે.



ડાબેથી શ્રી તરુણ સાગરજી સાથે ચર્ચા કરી રહેલ મંત્રી શ્રી ગૌરીશંકર બિસેન

## વાયુસેના સ્ટેશન પર ચાલી રહેલ જીવન પ્રબંધન કાર્યશાળા

**ચેન્નાઈ (તામિલનાડુ)**

ચેન્નાઈ શહેરમાં આવેલ વાયુસેના સ્ટેશન તામ્બ્રમમાં યુવા સંગઠન 'દિયા'ની દક્ષિણ ભારત એકમ દ્વારા નિયમિત રૂપથી જીવન પ્રબંધનમાં દક્ષતા હાંસલ કરવાની તાલીમ આપવા માટે કાર્યશાળાઓ યોજાવા જઈ રહી છે. આ કાર્યશાળાઓમાં વિંગ કમાંડર અને એર કમાંડર સુધીના રૈંકના અધિકારીઓ સહિત ૨૫૦ થી ૪૦૦ સુધી વાયુ સૈનિક સામેલ થઈ રહ્યા છે. એમને યોગ, ધ્યાન, પ્રાણાયામ વગેરેના માધ્યમથી આત્મશક્તિઓનું જાગરણ અને સુનિયોજનનો અભ્યાસ કરાવવામાં આવે છે. શ્રી પી.ડી.સારસ્વતજીના જણાવ્યા અનુસાર જીવન પ્રબંધન, વિચાર પ્રબંધન, સમય પ્રબંધન જેવા વિષયો પર પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા આપવામાં આવેલ વ્યવહારિક ચિંતન ખૂબ જ લોકપ્રિય થઈ રહ્યું છે.



યોગ, ધ્યાન, પ્રાણાયામમાં ભાગ લઈ રહેલ વાયુસેનાના અધિકારીઓ (ચેન્નાઈ)

## મન સાથે તનને સ્વસ્થ રાખવા માટેનો નિઃશુલ્ક સર્વ રોગ નિદાન યજ્ઞ

**માધાપર(કચ્છ)**

યુગઋષિ પ.પૂ.ગુરૂદેવની જન્મશતાબ્દિ ની ઉજવણીના ભાગરૂપે સર્વરોગ નિદાન યજ્ઞનું આયોજન તાજેતરમાં જ શ્રી કચ્છ જીલ્લા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ભૂજ અને ભૂજની સેવાભાવી સંસ્થા જય મહાશક્તિ દેશદેવી આશાપુરા ગ્રુપના સહયોગથી કરવા માં આવેલ. આ વિશેષ સેવાયજ્ઞનો શુભારંભ બ્રહ્મચારી પ્રદિપ ચૈતન્યજી આર્ષ અધ્યયન કેન્દ્ર ભૂજના વરદ્હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ગામના અગ્રગણ્ય મહાનુભાવો શ્રી અરજણભાઈ ભૂજીયા સરપંચ નવાવાસ,શ્રી જોરાવરસિંહ સરપંચ જૂનાવાસ,શ્રી દેવજીભાઈ વરસાણી,શ્રી ગોવિંભાઈ ખોખાણી,શ્રી દિલીપભાઈ ભીંડે, શ્રી દીનેશભાઈ જોષી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી બાબુભાઈએ સંસ્થા દ્વારા હાથ ધરેલ મીશનની ગતિવિધિઓની રૂપરેખા આપી હતી. આશીર્વચન આપતા બ્રહ્મચારી પ્રદિપ ચૈતન્યજીએ આયોજકોના સેવાકીય કાર્યને બિરદાવ્યું હતું. કાર્યક્રમનુ સંચાલન ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ દવેએ કર્યુ હતું.

આ સેવાયજ્ઞમાં ૪૫૦ દર્દીઓએ નિષ્ણાત ડૉક્ટરશ્રીઓ ડૉ.પ્રવિણ-ભાઈ લખાણી, ડૉ.જે.પી.કે. શરાણી, ડૉ.રમણીક પટેલ, ડૉ.સંજય ઉપાધ્યાય, ડૉ.ચંદુભાઈ લખાણી, ડૉ.નિરંજન ચૌહાણની સેવાનો લાભ લીધો હતો. દર્દીઓને દવાઓ વિના મૂલ્યે આપવામાં આવી હતી.

## જન્મશતાબ્દી પ્રયાજની અંતર્ગત ગાયત્રી મહાયજ્ઞ શ્રૃંખલા

**માધાપર(કચ્છ)**

યુગઋષિ પરમ પૂજ્ય ગુરુદેવના વિચાર વિસ્તારના ભાગરૂપે આ ગામમાં કોળીવાસના સનાતન મંદિરના પ્રાંગણમાં શ્રી કચ્છ જીલ્લા ગાયત્રી પરિવાર ટ્રસ્ટના ઉપક્રમે ગાયત્રી યજ્ઞનો કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં યજમાન તરીકે શ્રી વિશ્રામભાઈ , શ્રી માવજીભાઈ અને શ્રી સુમારભાઈએ ભાગ લીધો હતો. તેમજ આ વિસ્તારના ભાઈ-બહેનોએ પણ પોતાની આહુતિઓ સમર્પિત કરી હતી.

આ યજ્ઞકાર્યનુ સંચાલન નિતિશાબેન દવે અને મહિલા મંડળની બહેનોએ કર્યુ હતું. પૂજ્યશ્રીનો સંદેશ આપતા સંગઠનના ટ્રસ્ટી શ્રી દિનેશભાઈએ જણાવ્યુ કે દરેકે પોતાના ઘરના આંગણે તુલસીનો ક્યારો લગાવવો, દક્ષિણારૂપે પોતાના વ્યસનો છોડી દેવા તેમજ મંદિરે નિયમિત આવવા -નો સંકલ્પ લેવા આગ્રહ પૂર્વક જણાવ્યુ હતું.

આ કાર્યક્રમમાં સનાતન મંદિરના ટ્રસ્ટીઓ શ્રી મૂળજીભાઈ હરસીયાણી, શ્રી હરજીભાઈ ભૂડીયા, શ્રી પ્રવિણભાઈ ખોખાણી ગામના આગેવાનો શ્રી શામજીભાઈ વાગડિયા, શ્રી શિવજીભાઈ દેસાઈ, ડૉ.શામજીભાઈ હીરાણી, શ્રી વેલજીભાઈ વરસાણી, શ્રી પરબતભાઈ વાગડિયા, શ્રી સામુબેન ખેતવાણી, શ્રી વેલીબેન દેસાઈ વગેરે ખાસ ઉપસ્થિત રહી સહયોગ આપ્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા શ્રી સુરેશભાઈ સાધુ, શ્રી પરાગ ત્રવાડી, શ્રી બાબુભાઈ ,સનાતન મંદિરના પુજારી જગદીશ જોષી ,શ્રીમતી હંસાબેન, શ્રીમતી કાન્તાબેન, શ્રીમતી રમીલાબેન સાધુ, શ્રીમતી શારદાબેન અને મહિલા મંડળની બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## શિબિર સૂચના

**શાંતિકુંજમાં ચાલનારા નવ દિવસીય સંજીવની સાધના શિબિર તથા એક માસીય યુગશિલ્પી પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લેવા ઈચ્છા ધરાવતા પરિજનોને નિવેદન છે કે તેઓ પૂર્વ મંજુરી લઈને જ આવે. જે સત્રમાં આવવા ઈચ્છે છે, એનાથી ઓછામાં ઓછા બે મહિના પહેલા પોતાની મંજુરી મેળવી લે.**

**૧. ટપાલથી, અહીં આવવાવાળા પરિજનોના હાથે અથવા ઈ-મેલથી પૂરેપૂરા વિવરણ સાથે પોતાની અરજી મોકલે. નવ દિવસીય સાધના સત્ર માટે અરજી પત્રમાં પોતાનું નામ, ઉંમર, શિક્ષણ, વ્યવસાય, ગાયત્રી મંત્રના કેટલા જપ કરો છો, વગેરે વિવરણનું લીસ્ટ બનાવી મોકલે. ઓછામાં ઓછી પ્રતિદિન-૩-૫ માળા ગાયત્રી મંત્રનો અભ્યાસ રાખવાવાળા પરિજનો જ અરજી કરે.**

**૨. એક માસીય યુગશિલ્પી પ્રશિક્ષણ શિબિર પહેલાં શાંતિકુંજમાં એક નવ દિવસીય શિબિર અથવા પોતાના ઘરે લઘુ ગાયત્રી અનુષ્ઠાન કરી લેવું અનિવાર્ય છે. શાંતિકુંજમાં કેટલી નવ દિવસીય સાધના શિબિર કરી અને પોતાના ક્ષેત્રમાં કેટલા ગાયત્રી અનુષ્ઠાન (૨૪૦૦૦ મંત્ર) સંપન્ન કર્યા? એ માહિતી નામ, ઉંમર, શિક્ષણની સાથે જોડશો.**

**૩. પોતાની અરજી સાથે ઓછામાં ઓછી બે વૈકલ્પિક શિબિરોની તારીખો પણ લખશો, જેથી એ શિબિરમાં સ્થાન ન હોય તો અન્ય તારીખોમાં મંજુરી મોકલી શકાય.**

**૪. શાંતિકુંજ આવ્યા પછી પ્રવેશ પહેલાં પૂછતાછ થશે. મંત્ર જપનો અભ્યાસ ન હોવાથી અથવા કોઈ કારણ અયોગ્ય માલુમ પડવાથી શિબિર કર્યા વગર પાછા ફરવું પડશે. પોતાની અરજી નીચે આપવામાં આવેલ સરનામે મોકલશો.**

**➢વ્યવસ્થાપક, શાંતિકુંજ, હરિદ્વાર(ઉત્તરાખંડ) પિન-૨૪૯૪૧૧**
**Email Q shivirTawgp.org, ફેક્સ-૦૧૩૩૪-૨૬૦૮૬૬**

**પ્રલોભન એક તેજ આંધીની સમાન છે, જે મજબૂત ચરિત્રને પણ જો સતર્ક ન રહે તો નીચે પછાડવાની ક્ષમતા રાખે છે.**

## શ્રદ્ધાંજલિ

**વડોદરા**-શ્રીમતી ભારતીબેનનું તા-૯ માર્ચ-૧૦ના દિવસે અચાનક નિધન થયું છે. તેઓ ૬૫ વર્ષના હતા. ગાયત્રી પરિવાર પ્રત્યે તેમનું અનન્ય સમર્પણ હતું. તેમને યુગ ચેતના વિસ્તાર માટે ખૂબ પુરુષાર્થ કર્યો. પોતાની શ્રદ્ધા,નિષ્ઠા અને ભાવનાથી મિશન પ્રત્યે સમર્પિત કાર્યકર્તા હતા. તેઓ ગાયત્રી પરિવારના સન્નિષ્ઠ કાર્યકર્તા શ્રી દિનેશભાઈ જયસ્વાલની ધર્મપત્ની હતા. શાંતિકુંજ તેમજ સમસ્ત ગાયત્રી પરિવાર આ દેવાત્માને શાંતિ, સદગતિ, મોક્ષ પ્રદાન કરે અને પરિવારને આ વજ્રાઘાતથી ઉપર ઉઠવાની શક્તિ પ્રદાન કરે.



## જન્મભૂમિ આંબલખેડામાં ઉચ્ચ સ્તરીય સાધના શિબિર

**વેદમૂર્તિ, તપોનિષ્ઠ પરમ પૂજ્ય ગુરુદેવની જન્મભૂમિ આંબલખેડામાં ઉચ્ચ સ્તરીય સાધના શિબિરોનો ક્રમ છેલ્લા કેટલાય વર્ષોથી ચાલી રહ્યો છે. એમાં કેવળ જવની રોટલી અને ગાયના દૂધની છાછનું સેવન કરીને ૪૦ દિવસીય ગાયત્રી સાધના કરવાની હોય છે. આગામી સત્રોની તારીખો નીચે મુજબ છેઃ-**

**(૧) તા-૧ મે થી ૧૦ જૂન-૨૦૧૦ સુધી**
**(૨) તા-૧ સપ્ટેમ્બર થી ૧૦ ઓક્ટોબર-૨૦૧૦ સુધી**
**(૩) તા-૧ નવેમ્બર થી ૧૦ ડિસેમ્બર-૨૦૧૦**

**એના સિવાય શ્રાવણ મહિનામાં વિશેષ એક માસીય ચંદ્રાયણ સાધના સત્ર ૨૫ જુલાઈ થી ૨૪ ઓગસ્ટ-૨૦૧૦ની તારીખોમાં રાખવામાં આવી છે.**

**સાધનાના અનુભવી અને શારીરિક રૂપથી સ્વસ્થ પરિજન જ આ શિબિરો માટે અરજી કરે. ઈચ્છા ધરાવતા પરિજન પોતાનું પૂરેપૂરા વિવરણની સાથે નીચે જણાવેલ સરનામા પર અરજી મોકલીને શિબિરની મંજૂરી મેળવી લે.**

**સંપર્ક સૂત્રઃ-વ્યવસ્થાપક,**
**જન્મભૂમિ આંબલખેડા, જિ-આગરા (ઉ.પ્ર.)**
**ફો.-૦૫૬૨-૨૭૫૨૦૨૨, મો.-૦૯૯૨૭૭૮૪૮૨૦**

**એવું કોઈ પણ કામ ન કરો, જેનાથી પોતાનો અંતરાત્મા પોતાને ધિક્કારે.**

# ગાયત્રી શક્તિપીઠ બાલાજી રોડ સુરતમાં હોમિયોપેથી દવાખાનાનું ઉદ્‌ઘાટન

**ગાયત્રી શક્તિપીઠ બાલાજી રોડ-સુરત**

ગાયત્રી શક્તિપીઠ બાલાજી રોડ સુરતના ગાયત્રી પરિવાર દ્વારા વસંત પંચમીનો કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહ પૂર્વક મનાવવામાં આવ્યો. વહેલી સવારે ધ્યાન કરાવ્યા પછી માઁ સરસ્વતીના પૂજન સાથે વસંત પર્વનું મહત્ત્વ સમજાવી પૂજન કરી યુગઋષિ પરમ પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક જન્મ દિવસની મહત્તા સમજાવવામાં આવી.

પરમ પૂજ્ય ગુરુદેવના જન્મશતાબ્દી વર્ષને લક્ષ્યમાં લઈ પૂજ્યશ્રીના સાહિત્યને જન-જન સુધી અને ઘર-ઘર સુધી પહોંચાડવાના કાર્યને પ્રાથમિકતા આપી ગુરુદેવના સાહિત્યને અડધી કિંમતે કાયમી ધોરણે શક્તિપીઠમાંથી આપવાનો સંકલ્પ કર્યો. તેમજ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ચરમસીમાએ સફળ બનાવવા સુરત અને તાપી જિલ્લા કક્ષાએ સક્રિય બનવાનો સંકલ્પ કર્યો. મોબાઈલ જ્ઞાનરથના માધ્યમથી સુરત અને તાલી જિલ્લાના ગામોમાં તેમજ સુરત શહેરમાં કથા અને સેમિનારમાં સાહિત્ય સ્ટૉલ લગાવી બ્રહ્મભોજ સાહિત્ય વિતરણની વ્યવસ્થા બનાવવામાં આવી. આ દિવસે સંસ્કાર અને પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ પણ રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં પરિજનોએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.

એની સાથે સાથે 'સાવિત્ર' ફિઝીયો થેરાપી અને 'માઁ ભગવતી' હોમિયોપેથી ચિકિત્સાલયનું ઉદ્‌ઘાટન સુરત શહેરના નામાંકિત ટેક્ષ કન્સલ્ટંટ ગાયત્રી પરિવારના શ્રી હેમંતભાઈ દેસાઈના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ.સેજલ દવે, ડૉ.સી.સી. દેસાઈ અને ડૉ.હેતલ બી.પેટીગરા માનદ્ સેવાઓ આપી રહ્યા છે. આ ચિકિત્સાલય પરિજન ડૉ.ઈન્દ્રવદન વૈદ્યના આર્થિક યોગદાનથી તેમજ શ્રીમતી સ્વ.ઉષાબેન વૈદ્યના સ્મરાર્થે શરૂ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં શ્રી મધુસુદન મહેતા, મનુભાઈ જાગીરદાર, ડૉ.ઈન્દ્રવદન વૈદ્ય, અમિતાબેન, નયનાબેન, હંસાબેન સક્રિય ફાળો આપ્યો હતો.



'સાવિત્ર' ફિઝીયો થેરાપી અને 'માઁ ભગવતી' હોમિયોપેથી ચિકિત્સાલય

# જન્મશતાબ્દી વર્ષના કાર્યક્રમ માટે બેઠક યોજાઈ

**ગાયત્રી પરિવાર ટ્રસ્ટ વણાકબોરી (ખેડા)**

ગાયત્રી પરિવાર વણાકબોરી શાખાએ તા-૧૪ માર્ચના દિવસે બાલાશિનોર, ઠાસરા તથા વિરપુર તાલુકાના સક્રિય પરિજનોની બેઠકનું આયોજન રાખ્યું હતું. જેમાં ૩૫ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ બેઠકનો નિષ્કર્ષ નીચે મુજબ છેઃ-

➢૧૫ શાખાઓ દ્વારા ચૈત્રી નવરાત્રિ અનુષ્ઠાન સામૂહિક કરવું.

➢બાલાશિનોરમાં ઉનાળુ વેકેશન દરમ્યાન ત્રણ દિવસનું કર્મકાંડ પ્રશિક્ષણ રાખવું

➢તાલુકાની ૨૫ શાખાઓમાંથી એક એક સક્રિય પરિજનોને મે મહિનામાં નવ દિવસીય અનુષ્ઠાન માટે શાંતિકુંજ મોકલવા.

➢અન્ય પાંચ શાખાઓમાં યુવા મંડળની પ્રવૃત્તિઓ શરૂ કરવી.

➢બે શાખાઓમાં મહિલા મંડળનું ગઠન કરી પ્રવૃત્તિ ચલાવવી.

➢ત્રણ તાલુકાઓ બાલાશિનોર, વિરપુર અને ઠાસરા તાલુકાના ૧૧ ગામોમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞ તથા ૨૫ ગામોમાં એક કુંડી યજ્ઞ શૃંખલા ચલાવવી.

➢અત્યાર સુધીમાં નીચે મુજબ કાર્ય થઈ ચુક્યું છેઃ-

➢વિરપુર, બાલાશિનોર અને ઠાસરા તાલુકાના ૭૦૦ ગામોમાં આશરે ૬૦,૦૦૦ ઘરોમાં વિના મૂલ્યે જન્મશતાબ્દી સ્ટીકર તેમજ પ્રજ્ઞા લઘુ પોકેટબુક અને જન્મશતાબ્દી પુસ્તકમાળાના એક એક પુસ્તકનું વિતરણ કરવામાં આવ્યું. -પંચકુંડી યજ્ઞમાં પુસ્તકમાળા સેટનું બ્રહ્મભોજમાં વિતરણ કરવામાં આવ્યું.-વિદ્યાર્થી ઉપયોગી વિદ્યા સેટ-૩૦૦ વ્યક્તિઓને બ્રહ્મભોજમાં આપવામાં આવ્યા.-ગાયત્રી મંત્ર લેખન બુક (૨૪ લાખ મંત્રલેખન થાય તેટલી) વિનામૂલ્યે વહેંચવામાં આવી.-પૂજ્ય ગુરુદેવની જીવન પ્રદર્શની શક્તિપીઠ થર્મલ દ્વારા ખરીદવાનું નક્કી કર્યું.-ઠાસરા તાલુકા તથા બાલાશિનોર તાલુકાની બધી જ હાઈસ્કૂલોમાં અને ઠાસરા તાલુકાની પે-સેન્ટર પ્રાથમિક શાળાઓમાં નિયમિત રૂપે યુગ શક્તિ ગાયત્રી પત્રિકા મળી રહે તે માટે વાર્ષિક લવાજમ ભરવામાં આવ્યું. -પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દી -ના પૂર્ણાહુતિ સુધી જે પણ ભાઈ-બહેનોને યુગ સાહિત્ય મેળવવું હોય તેમને બ્રહ્મભોજમાં અડધી કિંમતે સાહિત્ય આપવાનું નક્કી કરવામાં આવ્યું.

# વસંત પંચમની તથા મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણી કરવામાં આવી

**ગાયત્રી પ્રજ્ઞા મંદિર બારડોલી-સુરત**

તા-૨૦ જાન્યુઆરી-૧૦ના વસંત પંચમીના દિવસે ગાયત્રી પ્રજ્ઞા મંદિર બારડોલીમાં પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. વહેલી સવારે માઁ સરસ્વતી, વાદ્યયંત્ર, મોરનું પૂજન કરી ૧૦૮ ગાયત્રી દીપયજ્ઞ કરવામાં આવ્યો. દીપયજ્ઞમાં સામૂહિક મંત્ર જાપ બાદ જન્મશતાબ્દીની પુસ્તક માળા ૩૦૦ પુસ્તકમાળા જુદા જુદા વ્યક્તિઓને આપવામાં આવી. નવા યુગ શક્તિ ગાયત્રીના સભ્યો બને તે હેતુથી ૧૦૦ ઘરોમાં જુના અંકોનું વિતરણ કરવામાં આવ્યું. વિભિન્ન સંસ્કારો કરાવવામાં આવ્યા. જેમાં પુંસવન-૩, મંત્રદીક્ષા-૧૦૮, દેવસ્થાપના-૨, સ્ટીકર લેમીનેશન સાથે-૧૧ કરવામાં આવ્યા.

**મહાશિવરાત્રી પર્વની ઉજવણી ગાયત્રી પ્રજ્ઞા મંદિર-બારડોલી-સુરત**

તા-૧૨ ફેબ્રુઆરીના દિવસે સવારે ૮ થી ૧ દરમ્યાન પંચકુંડી ગાયત્રી મહાયજ્ઞમાં મહામૃત્યુંજય યજ્ઞ, ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં જૂદી જૂદી આહુતિઓ અર્પણ કરવામાં આવી. જેની શરૂઆત શિવ આવાહન, શિવ પરિવારનું પૂજન, મા ભવાનીનું પૂજન, કાર્તિકેય ભગવાન, ગણેશ ભગવાનનું આવાહન પૂજન કરવામાં આવ્યું. આ પૂજન-યજ્ઞમાં ૨૦૦ પરિજનોએ ભાગ લીધો હતો. તમામ પરિજનોને અપીલ કરવામાં આવી કે શિવ બનીને શિવની પૂજા કરાવી. ભોળા બનવા, છળકપટ છોડવા, ભ્રષ્ટ્રાચાર છોડવા, સમાજ, દેશની સાચી સેવા કરવા માટે પ્રેરણા આપવામાં આવી.

## વસંત પંચમીની ભવ્ય ઉજવણી

**ગાયત્રી પરિવાર વડોદરા અનંતપાર્ક શાખા(જોન-૪)**

ગાયત્રી પરિવાર અનંત પાર્ક શાખા દ્વારા વસંત પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રાતઃ ૬ વાગ્યાથી ધ્યાન તથા અખંડ જાપનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ગાયત્રી પરિવારના શ્રીમતી નીરૂબેન પ્રવિણભાઈ પરમારના ઘર પર આ કાર્યક્રમનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં ૩૦ પરિજનોએ ભાગ લીધો હતો.

આ શાખા દ્વારા અત્યાર સુધીમાં વિભિન્ન પત્રિકાઓના ૪૦૦ સભ્યો બનાવ્યા છે. તેની સાથે આ શાખાએ માતબર રકમની શ્રદ્ધાંજલિ પણ પ્રેસિત કરી ચુક્યા છે.

# જામખંભાળીયામાં યુવા સંમેલન

**જામખંભાળીયા-જામનગર**

ડૉ.પ્રણવ પંડ્યાજીના માર્ગદર્શન અનુસાર જામનગર જિલ્લાના તમામ તાલુકાઓના અને જિલ્લા કક્ષાના યુવા સંગઠનની સમિતિઓની રચના કરી દેવામાં આવી છે. તેમજ નિર્દેશ અનુસાર જામનગર જિલ્લામાં ક્રમાનુસાર દરેક તાલુકાઓમાં યુવા સંગઠનને મજબૂત કરવા માટે જિલ્લા કક્ષાનું પ્રથમ સંમેલન જામજોધપુર તાલુકા ગીંગણી મુકામે યોજવામાં આવ્યું હતું. ત્યારબાદ દ્વીતિય યુવા સંમેલન જામખંભાળીયામાં તા-૩૧ જાન્યુ.-૧૦ ના દિવસે રાખવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના વરિષ્ઠ ભાઈ-બહેનો ઉપરાંત લગભગ ૨૦૦ યુવાનોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં માઁ ગાયત્રી આવાહન, ગુરુ આવાહન બાદ તાલુકાની યુવા કન્યાઓ દ્વારા દીપ પ્રાગટ્યથી કરી હાજર રહેલ સર્વેના શાબ્દીક સ્વાગત બાદ જામનગર જિલ્લા સંગઠનના સંરક્ષક વરિષ્ઠ પરિજન શ્રી યશવંતભાઈ ભટ્ટ દ્વારા પ્રાસંગીક પ્રવચન કરવામાં આવ્યું. ત્યારબાદ રાજ્યની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના સચિવ શ્રી હિમ્મતભાઈ મિસ્ત્રી દ્વારા 'ભારતીય સંસ્કૃતિના પુનર્જાગરણ માટે યુવાનોની ભાગીદારી' બાબત પ્રેરણાદાયી વ્યાખ્યાન આપવામાં આવ્યું. તે જ ક્રમમાં 'તણાવમુક્ત યુવાવસ્થા' વિષય પર વરિષ્ઠ પરિજન શ્રી જયવંતસિંહ જાડેજા દ્વારા માર્મિક પ્રવચન આપવામાં આવ્યું. તે જ રીતે 'યુવાવસ્થામાં નારી શક્તિ' વિષય પર વરિષ્ઠ યુવા કાર્યકર શ્રીમતી પ્રીતિબેન સોલંકી દ્વારા મનનીય પ્રવચન આપવામાં આવ્યું. ત્યારબાદ જિલ્લાના સંસ્કૃતિ વિભાગના સંયોજક શ્રી સી.પી.વસોયા દ્વારા 'રાષ્ટ્ર ધર્મ પ્રત્યે યુવાનોનું કર્ત્તવ્ય' વિષય પર પ્રોત્સાહિત વ્યાખ્યાન આપવામાં આવ્યું. તે જ ક્રમમાં જામનગર શક્તિપીઠના યુવા કાર્યકર વર્ષા મકવાણા દ્વારા 'એકવીસમી સદીની માંગ-યુવા નેતૃત્વ' વિષયથી યુવાનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ખંભાળીયા આસ્થા ફાઉન્ડ ટ્રસ્ટના સંચાલક શ્રી મીતાબેન જોષી દ્વારા 'દિશાવિહીન યુવાનોના પ્રશ્નો અને તેના નિરાકરણ' વિષય પર વિગતવાર અને તલસ્પર્શી રોજગાર લક્ષી માહિતીઓ આપવામાં આવી.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી કીરિટભાઈ પટેલ અને શ્રી મનોજભાઈ નકુમ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં શ્રી યશવંતભાઈ ભટ્ટ દ્વારા આભાર દર્શન કર્યા બાદ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.




યુવાનોને પ્રોત્સાહન આપી રહેલ જામનગરની યુવા કાર્યકર વર્ષા મકવાણા

# સત્સંકલ્પોનું ગ્લોનસાઈન બોર્ડનું અનાવરણ સાથે વસંત પંચમીની ભવ્ય ઉજવણી

**કપડવંજ (ખેડા)**

પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દીના ઉપલક્ષ્યમાં યુગ નિર્માણના અઢાર સત્સંકલ્પો પોતાના જીવનમાં ઉતારી પોતાનું જીવન પરિવર્તન કરે એ હેતુથી અઢાર સત્સંકલ્પોનું ગ્લોનસાઈન બોર્ડ કપડવંજના ભદ્ર વિસ્તારમાં ગાંધીજીના બાવલા પાસે વસંત પંચમીના શુભ દિવસે તેનું અનાવરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે કપડવંજના ગણમાન્ય નાગરિક એવા શ્રી ચોઈથરામ (સૂર્ય નારાયણ)પેલેસવાળા, વિઠ્ઠલભાઈ (કૃષ્ણ કોલ્ડ સ્ટોરેજવાળા), પ્રો. મુકેશભાઈ ભટ્ટ (ફીજીક્સ) કેશવભાઈ પટેલ (ગાયત્રી એગ્રોવાળા) ગોવિંદભાઈ શાહ (સામાજીક કાર્યકર) તેમજ કપડવંજ ગાયત્રી પરિવારના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કપડવંજ તાલુકા ગાયત્રી પરિવારે જન્મશતાબ્દી લોગો મંત્રલેખન બુક તેમજ કાર્ડ પર બનાવેલ યુગ નિર્માણ સત્સંકલ્પ અને ગુરુદેવ દ્વારા રચિત એક બુક કપડવંજ તાલુકાના ઘેર-ઘેર સ્થાપના કરવાનો સંકલ્પ કર્યો છે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ આભાર વિધિ શ્રી જશુભાઈ પ્રજાપતિએ કરી હતી.



ગ્લોનસાઈન બોર્ડ પાસે બેઠેલા કપડવંજના અગ્રણીઓ

**બકવાસથી નહીં, કાર્યોથી કોઈની મહાનતા પારખી શકાય છે.**

# પ્રાણવાન શાખાઓ દ્વારા થઈ રહેલ જન-જાગરણનો સતત પ્રયાસ

## સર્જન સાધનાને ગતિ આપવામાં આવી

**મુખાલિસપુર-સંત કબીરનગર (ઉ.પ્ર.)**

ગાયત્રી શક્તિપીઠ મુખાલિસપુર-માં ૨૪ થી ૨૬ જાન્યુઆરીની તારીખોમાં વિશેષ સાધના શિબિરનું આયોજન રાખવામાં આવ્યું હતું. શાંતિકુંજના વરિષ્ઠ પ્રતિનિધ શ્રી કેશરી કપિલજીની ઉપસ્થિતિમાં યોજાયેલ આ શિબિરે નવજીવનનો સંચાર કર્યો. કુલ ૩૦૦ લોકોએ ત્રણે દિવસ સુધી સાધના શિબિરમાં નિયમિત ભાગીદારી કરી અને ૧૫૦-૨૦૦ પરિજનોની સમય-સમય પર હાજરી રહી.



સાધના શિબિરને સંબોધિત કરી રહેલ શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી કપિલજી

આ સાધના શિબિરમાં શાંતિકુંજ પ્રતિનિધિએ યુગ સાધકોને પોતાના ગુરુની સાથે કરવામાં આવેલ નિયમો, જન્મશતાબ્દીની જવાબદારી તથા સર્જન સાધના મહાપુરશ્ચરણની અંતર્ગત સામૂહિક સાધનાને ગતિ આપવાની યાદ અપાવી. કુલ ૮૦૦ દીક્ષિતોને પ્રાયશ્ચિત દીક્ષા કરાવી. ક્ષેત્રમાં આ વર્ષે અખંડ જ્યોતિના સભ્યોની સંખ્યા ૫૦૦થી વધારીને ૯૦૦ થઈ ગઈ છે. જન્મશતાબ્દી વર્ષ સુધી આ સંખ્યા ૨૪૦૦ કરવાનો પરિજનોનો સંકલ્પ છે. ૧૦૮ સ્થાનો પર પંચકુંડી યજ્ઞ શૃંખલા કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો. જેમાંથી અત્યાર સુધીમાં ૨૪ સ્થાનો પર આ કાર્યક્રમો યોજાઈ ગયા છે. આગામી તા-૧૬ થી ૨૪ એપ્રિલની તારીખોમાં ખલીલાબાદમાં વિરાટ પુસ્તક મેળાનું આયોજન રાખવામાં આવી રહ્યું છે. ગામે-ગામમાં સામૂહિક સાધના શિબિર લગાવવા, મુખ્ય સંસ્થાઓ-સ્કૂલ, કૉલેજોમાં પુસ્તક મેળા લગાવવા જેવા સંકલ્પ આ સાધના શિબિરમાં લેવામાં આવ્યા.

**હરદોઈ (ઉત્તરપ્રદેશ)**

પ્રજ્ઞા મંડળ બેનીગંજ-હરદોઈ પોતાના ક્ષેત્રમાં જન્મશતાબ્દી નિમિત્તે દર રવિવારના દિવસે સામૂહિક સર્જન સાધનાનો નિયમિત ક્રમ ચલાવી રહ્યા છે. શ્રી રાજેશ્વર પ્રસાદ તિવારીના જણાવ્યા અનુસાર તેમને આ ક્રમમાં પરમ પૂજ્ય ગુરુદેવના વિચારોને હોલી હાર્ટ કૉન્વેન્ટ સ્કૂલ સહિત તમામ ધર્મ-વર્ગના લોકોની વચ્ચે પહોંચાડવામાં ઉલ્લેખનીય સફળતા મળી. લોકોને વિનાશ અને સર્જનની આ વિશેષ વેળામાં હાથ પર હાથ રાખીને બેસી રહેવાની જગ્યાએ ઉજ્જવળ ભવિષ્યની સ્થાપનાના આ સામૂહિક પુરુષાર્થ કરવાની પ્રેરણા આપવામાં આવી રહી છે.

## એકતા, અખંડતા, સમૃદ્ધિ માટે કરવામાં આવ્યુ અનુષ્ઠાન

**દહીસર-મુંબઈ (મહારાષ્ટ્ર)**

દહીસર મહિલા મંડળે ૨૬ થી ૨૮ ફેબ્રુઆરીની તારીખોમાં મુદ્રણેશ્વર મહાદેવ મંદિરમાં ૧૧ કુંડીય યજ્ઞ તથા સવા લાખ મહામૃત્યુંજય મંત્ર આહુતિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દીના પ્રયાજ સ્વરૂપ આ કાર્યક્રમ રાષ્ટ્રીય એકતા, અખંડતા તથા સમૃદ્ધિ માટેના સૂત્રોને મજબૂત કરી તેને શક્તિશાળી બનાવવા માટે રાખવામાં આવ્યો હતો. ૩૦૦ ભાઈ-બહેનોએ આ પવિત્ર ઉદ્દેશ્ય માટે યજ્ઞમાં ભાગ લઈ ભાવભરી પ્રાર્થના કરી. કાર્યક્રમ સંયોજક સુશ્રી કુમારી શેટ્ટી અને એમની સહયોગી બહેનો-જયલક્ષ્મી તથા જાનવીએ ગાયત્રી મંત્ર તથા મહામૃત્યુંજયનું મહત્ત્વ સમજાવ્યું. પૂર્ણાહુતિના સમયે પરમ પૂજ્ય ગુરુદેવનું સાહિત્ય વિતરણ કરવામાં આવ્યું.

## માનવ માત્ર એક સમાન, એક પિતાના સૌ સંતાન

**રાઉરકેલા (ઓરિસ્સા)**

રાઉરકેલામાં ૧૯ થી ૨૨ ફેબ્રુઆરીની તારીખોમાં યોજાયેલ ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ, પ્રજ્ઞા પુરાણ કથા તથા ૫૦૦૧ દીપમહાયજ્ઞમાં માનવીય એકતાના સૂત્રોને મજબૂત કરવાના પ્રશંસનીય પ્રયાસ થયા. એમાં હિન્દુ, મુસ્લિમ, ઈસાઈ તથા સિખ ધર્મોના પ્રમુખ આચાર્ય તથા શ્રદ્ધાળુઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો. ગયા વર્ષે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં પહેલીવાર ભાગ લેનારા નૉલેજ ટ્યૂશન સેન્ટરના તમામ ધર્માવલંબી છાત્ર-છાત્રાઓએ મસ્તક પર યુગઋષિનું સાહિત્ય ધારણ કરી ૧૦૦૮ કળશોની આકર્ષક શોભાયાત્રાની આગેવાની કરી. કળશયાત્રામાં ભગવાન શ્રી જગન્નાથ મંદિર, મસ્જિદ, ગિરજાઘર, ગુરુદ્વારાની ઝાંખીઓ 'માનવ માત્ર એક સમાન, એક પિતાના સૌ સંતાન'નો સંદેશ આપી રહી હતી. આ મહાયજ્ઞમાં પ્રાદેશિક મંત્રી શ્રી શારદા પ્રસાદ નાયક, રઘુનાથ પાલીના ધારાસભ્ય શ્રી સુબ્રત તરાઈ, ઉપ જિલ્લાધિકારી શ્રી મહેન્દ્ર પટનાયક વગેરેએ ભાગ લીધો હતો.

યજ્ઞ સંચાલન માટે શાંતિકુંજથી શ્રી જગદીશ વર્મા, ડૉ.સચ્ચિદાનંદ બડૌની, સુનીલ શર્મા, શ્રીકાંત ત્રિપાઠી, સોમેશ્વર તાંડી, જગ્ગૂલાલ ગડતિયાની ટોળી પહોંચી હતી. આ યજ્ઞમાં ૧૮૩ દીક્ષા સંસ્કાર થયા. આટલી દીક્ષાઓ અહીં પહેલાં કોઈ કાર્યક્રમમાં નહોતી થઈ. ૫૦ હજારથી વધારે રૂપિયાનું સાહિત્ય લોકોએ ખરીદ્યું. શ્રી શંકરચંદ્ર બિંદુની લખેલી પુસ્તક 'જીવનની વાત'નું વિમોચન થયું. સર્વશ્રી સીતારામ રાજગઢિયા, રવિનારાયણ પંડા, વીણાપાણિ પંડા, વિષ્ણુ પ્રસાદ, રાયગુરુ, રામકુમાર અગ્રવાલ, રામમોહન સાહૂ વગેરે અનેક પરિજનોએ કાર્યક્રમની સફળતા માટે ભરપૂર પુરુષાર્થ કરતાં જન્મશતાબ્દી સુધી વિદ્યા વિસ્તાર માટે અથાક પુરુષાર્થ કરવાનો સંકલ્પ લીધો.



રાઉરકેલામાં એકતા-સમતાના સૂત્રોને મજબૂત કરી રહેલ મહાનુભાવ



## વિદેશ સમાચાર

## શિકાગો, અમેરિકામાં જન્મશતાબ્દીની હલચલ

**શિકાગો (અમેરિકા)**

જન્મશતાબ્દીની નિરંતર વધતી જતી ઉમંગોની વચ્ચે ગાયત્રી જ્ઞાન મંદિર શિકાગોમાં સાધના અને સાંસ્કૃતિક ઉલ્લાસ વધી રહ્યો છે. તા-૧ માર્ચના દિવસે હોળી પર્વની ગાયત્રી જ્ઞાન મંદિર શિકાગોમાં ખૂબ જ ઉલ્લાસની સાથે ઉજવણી કરવામાં આવી. શાંતિકુંજ પ્રતિનિધિ શ્રી પ્રતાપ શાસ્ત્રીએ યુવાનોની એવી ટીમ ઉભી કરી, જેમને વિધિવત હોળીનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું. લગભગ ૨૦૦ પરિજનોની હાજરીમાં તમામ શાંતિકુંજનો અનુભવ કરી રહ્યા હતા. બહાર બરફથી ઢંકાયેલ હોવા છતાં હૉલમાં યજ્ઞ કુંડમાં હોળી પ્રગટાવવામાં આવી, નવા અન્નની આહુતિઓ આપવામાં આવી.

શ્રી હરેન્દ્ર માંગરોલા, શ્રી નરેન્દ્ર દેસાઈ શ્રી હસમુખભાઈ પટેલ સહિત યુવાનોનું મોટું આકર્ષણનું કેન્દ્ર હતું. એકબીજાની સાથે સૌએ ગુલાલ લગાવ્યો તથા પ્રીતિભોજમાં ઘુઘરા વહેંચવાની સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

**શિકાગોમાં પ્રારંભ થઈ ગઈ અંતઃઉર્જા જાગરણ શિબિરનુ વિશેષ સાધના સત્રઃ-**

ગાયત્રી જ્ઞાન મંદિર સાધના કેન્દ્રના રૂપમાં વિકસિત થઈ રહ્યું છે. તા-૨૭ ફેબ્રુઆરીના દિવસે શ્રદ્ધેય ડૉ.સાહેબ તથા શ્રદ્ધેય શૈલબહેનના આશીર્વાદ લઈને શ્રી પ્રતાપ શાસ્ત્રીએ ૧૫ વ્યક્તિઓ માટે વિશેષ સાધના સત્ર ચલાવવાનું પ્રારૂપ માત્ર શનિવારના દિવસે પ્રાતઃ કાળથી સાંજ સુધીનું બનાવવુ. પ્રાર્થના, આરતી, પૂજ્યવરના સ્વરમાં ધ્યાન, સોऽહમ સાધના, જ્યોતિ અવધારણ સાધના તથા આદ.ડૉ.સાહેબ, શૈલબહેનના ઉદ્બોધન સાંભળવાનો ક્રમ આરંભ કરી દીધો. સમાપન શ્રમદાન તથા નાદયોગ સાધના પછી આરતી સાથે કરવામાં આવ્યું. આ સાધનામાં શ્રી નરેન્દ્ર દેસાઈ, ગીતા, શુલાબેન, કમલેશ પટેલ, જનકબેન પટેલ સહિત પરિજનોએ કહ્યું કે અત્યાર સુધી અમો બહિર્મુખી હતા, હવે સાચા અર્થોમાં અંતઃમુખી થવાનો, સમજવાનો અવસર મળી રહ્યો છે.

**શ્રી શ્રી રવિશંકર સાથે થઈ ઉંડી ચર્ચા-વિચારણા**

ઋષિકેશ પ્રવાસ દરમ્યાન શ્રદ્ધેય ડૉ.સાહેબની મુલાકાત આર્ષ ગુરુકુલમની નજીક આવેલ શ્રી શ્રી રવિશંકરજી સાથે થઈ. ગંગા તથા યમુનાના નિર્મળ પ્રવાહ માટે પોતાના આશ્રમમાં શ્રદ્ધેય ડૉ.સાહેબને જોઈને તેમનું ભાવભર્યા હૃદયથી સ્વાગત કર્યું. શ્રદ્ધેય ડૉ.સાહેબને તા-૮ થી ૧૩ માર્ચના દિવસોમાં થનારા દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના આંતર્રાષ્ટ્રીય યોગ ફેસ્ટીવલ માટે પણ આમંત્રિત કર્યા હતા.

### શિકાગોના પરિજનોએ જન્મશતાબ્દી પર લીધેલ સંકલ્પ

**શિકાગો જ્ઞાન મંદિરના પરિજનોએ બે મોટા સંકલ્પ લીધા, એની અંતર્ગત (૧) શિકાગોના નજીકના વિસ્તારમાં પંચકુંડી યજ્ઞના ૨૪ આયોજનો, સાહિત્ય પ્રધાન (વિદ્યા વિસ્તાર પ્રધાન) (૨) દરેક પરિજનો પાંચ નવા સભ્યો અખંડ જ્યોતિના અથવા યુગ શક્તિ ગાયત્રીના બનાવશે. આમ ૧૦૦૦ પત્રિકાઓનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.**

## ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા શાંતિકુંજમાં યોજાવા જઈ રહેલ શિક્ષક-શિક્ષણ-પ્રશિક્ષણ શિબિર

**શાંતિકુંજમાં કુંભ મેળાની વ્યસ્તતાના કારણે આ વર્ષે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા સાથે સંબંધિત માત્ર અમુક જ શિક્ષકો માટે શિક્ષણ-પ્રશિક્ષણ શિબિરોનું આયોજન સંભવ થઈ શકશે. અત્યાર સુધી નિર્ધારિત શિબિરોની તારીખો નીચે મુજબ છે. આમંત્રિત સંબંધ ધરાવતા પરિજનોને એની સૂચના મોકલવામાં આવી ચુકી છે.**

| | |
|---|---|
| ગુજરાત - | તા-૧૭ મે થી તા-૧૯ મે-૨૦૧૦ |
| મધ્યપ્રદેશ રાજ્ય તથા કાનપુર (ઉત્તર પ્રદેશ) | તા-૨૨ મે થી તા-૨૪ મે-૨૦૧૦ |
| મહારાષ્ટ્ર - | તા-૨૭ મે થી તા-૨૯ મે-૨૦૧૦ |

## ચર્ચમાં ગુંજ્યો ગાયત્રી મંત્ર

**નેવાડા-અમેરિકાઃ-રેનો, નેવાડાના કૈથલિક બિશપે પાંચમા વાર્ષિકોત્સવ પર ધાર્મિક સદ્ભાવ વધારવાના પ્રશંસનીય પ્રયાસ કર્યો. તેમણે કિશોર બાળકોની એક રેલી કાઢી, જેને હિન્દુ, બૌદ્ધ, મુસ્લિમ વગેરેના ધર્મગુરુઓએ પણ સંબોધિત કરી. શ્રી રાજન જૈદીએ ગાયત્રી મહામંત્રમાં સમાયેલ વિશ્વ માનવના ઉત્કર્ષ અને કલ્યાણની ભાવનાઓ પર પ્રકાશ ફેંક્યો. એની સૌએ પ્રશંસા કરી. સભાનું સમાપન ગાયત્રી મહામંત્રના સામૂહિક ઉચ્ચારણની સાથે થયું.**

**ચર્ચમાં ગુંજતા ગાયત્રી મંત્ર, મૌલવીયો દ્વારા યુગઋષિ પરમ પૂજ્ય પં.શ્રીરામ શર્મા આચાર્યજી દ્વારા લખેલ સત્સંકલ્પોના પાઠને બોલાવવા જેવા સમાચાર પરમ પૂજ્ય ગુરુદેવના માનવીય એકતાના ઉદ્ઘોષને સાકાર થવાનો આભાસ કરાવી રહ્યા છે.**

**પરમાર્થની અભિવ્યક્તિ વાણીથી નહીં, વ્યવહારથી સાબિત થાય છે.**

# શાંતિકુંજમાં છત્તીસગઢ સરકાર અને વિધાનસભાના અભિનંદન

## મુખ્યમંત્રી માનનીય ડૉ.રમણસિંહ

હું આજે પોતાના તમામ મંત્રી, સાંસદસભ્ય, ધારાસભ્યોની સાથે શાંતિકુંજમાં ઉપસ્થિત થઈ ભાવવિભોર છું. આ ક્ષણોમાં તે વાત બતાવવાનો ઉત્સાહ સહજ જ વધી રહ્યો છે, જે મે આજ સુધી ક્યારેય કોઈને કહી નથી. હું સૌથી પહેલાં મારા માતા-પિતાની સાથે શાંતિકુંજ આવ્યો હતો અને તેમની સાથે પૂજ્ય ગુરુદેવ-વંદનીય માતાજીથી દીક્ષા લીધી હતી. એમના આશીર્વાદોથી હું મારી છેલ્લી ૧૦ વર્ષની યાત્રામાં મજબૂતીની સાથે આગળ વધી રહ્યો છું.

આજે હું પોતાના એ પરિવારની સાથે શાંતિકુંજમાં ઉપસ્થિત છું, જે છત્તીસગઢ અને આખા દેશની પ્રગતિમાં મારા સહયોગી છે. આ મારું પરમ સૌભાગ્ય છે. આ દિવ્યતીર્થના અનુદાન-વરદાન છત્તીસગઢને ગાયત્રી પ્રદેશ બનાવશે, એવો મારો વિશ્વાસ છે.

આ સ્વાગતથી ભાવવિભોર માનનીય ડૉ.રમણસિંહજીએ છત્તીસગઢીમાં જ બોલતાં કહ્યું કે શાંતિકુંજમાં તેમને સ્વાગત કરતાં, ભોજન પીરસતાં, માર્ગદર્શન કરતાં છત્તીસગઢવાળાઓ જ દેખાયા. એવું લાગે છે કે અમો છત્તીસગઢમાં જ છીએ. તેમણે અહીં ઉપસ્થિત સેંકડો છત્તીસગઢવાસીઓને કહ્યું કે આપ અહીં તપ કરો છો, તો એનો લાભ આખા છત્તીસગઢને મળે છે.

છત્તીસગઢના મુખ્યમંત્રી ડૉ.રમણસિંહ પોતાના તમામ મંત્રીઓ, ધારાસભ્યો અને સાંસદોને સાથે લઈને તા-૨૭ માર્ચના દિવસે શાંતિકુંજ આવ્યા. રાયપુરથી ચાર્ટર્ડ વિમાનથી આવેલ ૧૫૦ લોકોની ટીમમાં મુખ્યમંત્રીજીની સાથે વિધાનસભા અધ્યક્ષ શ્રી ધર્મપાલ કૌશિક, ૧૨ મંત્રી, ૪ સાંસદસભ્ય, ૬૦ ધારાસભ્ય અને એમના પરિવારના લોકો હતા. શાંતિકુંજ દર્શનની સાથે તેઓ કુંભ સ્નાન, ગંગા આરતી દર્શન વગેરેનો લાભ લેવા હરિદ્વાર આવ્યા હતા. તમામ સરકારી સુવિધાઓનો લાભ ઉઠાવવાની અપેક્ષા શાંતિકુંજના સાધનાત્મક વાતાવરણમાં ૨૪ કલાક રહેવું પસંદ કર્યું.

આ પ્રવાસમાં છત્તીસગઢની સરકાર અને વિધાનસભાએ શાંતિકુંજ, દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનું અધ્યયન કર્યું. તેઓ હરકી પૈડી પર ગંગા આરતી જોવા કુંભ મેળાના દર્શન કરવા અને વીઆઈપી ઘાટ પર કુંભ સ્નાન કરવા ગયા. ઉત્તરાખંડ સરકાર તરફથી મેળા પ્રભારી મંત્રી માનનીય શ્રી મદન કૌશિકે અતિથિઓનું સ્વાગત કર્યું. આગમન અને વિદાઈના સમયે તેમને ગાર્ડ ઑફ ઑનર આપવામાં આવ્યું.




ડાબેથી મહંત શ્રી રામશરણ દાસજી, શ્રી નંદકુમાર સાય, માન. ડૉ. રમણસિંહ, માન. ડૉ. પ્રણવ પંડ્યાજી, વિધાનસભા અધ્યક્ષ શ્રી ધર્મલાલ કૌશિક તથા આદ. શ્રી ગૌરીશંકર શર્માજી

## માન. ડૉ.પ્રણવ પંડ્યાજી

માનનીય ડૉ.સાહેબે શાંતિકુંજનો પરિચય કરાવ્યો. તેમણે કહ્યું કે ઉત્તરાખંડની જેમ જ છત્તીસગઢમાં દેવ સંસ્કૃતિના વિસ્તારની સૌથી વધારે સંભાવનાઓ છે. પરમ પૂજ્ય ગુરુદેવ-પરમ વંદનીય માતાજી આ ક્ષેત્રને પોતાનું હૃદય સ્થળી માને છે. એ જ પ્રમાણમાં શાંતિકુંજમાં રહેવાવાળામાં ૩૦ ટકા લોકો છત્તીસગઢના છે. તેઓ દરેક ક્ષેત્રમાં આગળ પડતું યોગદાન આપી રહ્યા છે. આપ સૌએ અહીં આવવું સ્વીકાર કર્યું, એ અમારા માટે સૌભાગ્યની વાત છે. આ અવસર પર તેમણે પરમ પૂજ્ય ગુરુદેવની જન્મશતાબ્દીની યોજનાઓ અને કાર્યક્રમો પર સંક્ષિપ્ત પ્રકાશ ફેંક્યો અને તેમાં સહયોગ-ભાગીદારી માટે સૌને આવાહન કર્યું. તેમણે કહ્યું કે આ દિવ્ય ભૂમિમાં ૨૪ કલાકની સાધના અને વિચાર મંથનથી જે નવનીત નિકળશે, તે અદ્‌ભુત હશે, અવિસ્મરણીય હશે.



ઋષિયુગ્મની ચરણ પાદુકાઓને નમન કરી રહેલ મુખ્યમંત્રી ડૉ.રમણસિંહ અને એમની પાછળ ઉત્તરાખંડના કુંભ મેળા પ્રભારી મંત્રી શ્રી મદન કૌશિક

## મંત્રી, ધારાસભ્યો સાથે થયેલ મંત્રણાથી બની સમ્મતિ

૧. છત્તીસગઢના પ્રત્યેક ગામોમાં જન્મશતાબ્દી સમારંભોના આયોજનમાં તમામ મંત્રી, ધારાસભ્યો, સાંસદસભ્ય સહયોગ કરશે. પ્રદેશની અઢી કરોડ જનતાની સાથે દેશભરમાં વસેલ છત્તીસગઢ વાસીઓ સુધી આ સંદેશ પહોંચાડવામાં આવશે.

૨. આગામી દિવસોમાં રાજિમમાં કુંભનું આયોજન થઈ રહ્યું છે. માનનીય મુખ્યમંત્રીજીએ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના કુલાધિપતિ આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીને મુખ્ય અતિથિ રૂપે એમાં પધારવા આમંત્રણ આપ્યું, જેનો કુલાધિપતિજીએ સહર્ષ સ્વીકાર કર્યો.

૩. પ્રદેશમાં દેવ સંસ્કૃતિ મહાવિદ્યાલય ખોલવાના પ્રયાસો કરવામાં આવશે. આ દિશામાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય માટે કેન્દ્રીય કાયદાઓમાં વિશેષ વ્યવસ્થા બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

૪. ઉત્તરાખંડના પર્યટન મંત્રી શ્રી મદન કૌશિક અને છત્તીસગઢના પર્યટન મંત્રી શ્રી બૃજમોહન અગ્રવાલની વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન પર સમ્મતિ બની.

૫. દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વૈકલ્પિક ચિકિત્સા પાઠ્યક્રમોના સ્નાતકોની સેવાઓ છત્તીસગઢના ગ્રામીણ હોસ્પિટલોમાં લેવામાં આવશે.

૬. શાંતિકુંજમાં યોજાયેલ અધ્યાત્મ, સંસ્કૃતિ, યોગ મહોત્સવના જેવો જ એક મહોત્સવ છત્તીસગઢના પર્યટન વિકાસના સહયોગથી છત્તીસગઢમાં લગાવવા પર સમ્મતિ બની.

૭. પ્રદેશમાં ધોરણ-૬ થી ધોરણ-૧૨ સુધીના વિદ્યાલયોમાં યોગ શિક્ષણ અનિવાર્ય કરવામાં આવશે.

૮. સચિવાલયના અધિકારી, ધારાસભ્યોને તથા છત્તીસગઢ પોલીસને દેવ સંસ્કૃતિ વિ. વિ.ના યોગાચાર્ય યોગ પ્રશિક્ષણ આપશે.

૯. મધ્યપ્રદેશની જેમ છત્તીસગઢની જેલોમાં જનપુરોહિત પ્રશિક્ષણ શિબિર આરંભ કરવામાં આવશે.



આદરણીય જીજી-ડૉ.સાહેબની સાથે માન.ડૉ.રમણસિંહ તથા શ્રી ધર્મલાલ કૌશિકનો પરિવાર

## યુગતીર્થમાં થયું ભાવ ભર્યું સ્વાગત

આદરણીય શ્રી ગૌરીશંકર શર્માજીએ સ્વાગત ઉદ્‌બોધન આપ્યું. તેમણે કહ્યું કે શાંતિકુંજ મહાકાલનો માળો છે. અહીં જે પ્રત્યક્ષ દેખાય છે, એની અપેક્ષા પરોક્ષના મૂળીયાં ખૂબ ઉંડા છે. અહીંના અણુ-અણુમાં ત્યાગ, તપસ્યા, સંસ્કૃતિના બીજ છે. આપ અહીંથી સર્જન સંસ્કૃતિ, સુવિચાર, માનવતા પ્રત્યે પ્રેમ જેવા બીજ લઈને પોતાના ક્ષેત્રમાં જાવો અને વાવો તો જીવન લક્ષ્યની પ્રાપ્તીમાં નિશ્ચિત રૂપથી સફળ થશો.



ધારાસભ્ય-સાંસદ સભ્યોનું અભિનંદન કરી રહેલ આદ. ડૉ. પ્રણવ પંડ્યા શ્રદ્ધેય શૈલબહેન



આદ. જીજી-ડૉ. સાહેબ, માન. મુખ્યમંત્રીજી અને વિધાનસભ્ય અધ્યક્ષની સાથે શાંતિકુંજના ભોજનાલયમાં સેવા આપી રહેલ છત્તીસગઢની બહેનો

## વિશેષ અનુરોધ

આ દિવસોમાં શાંતિકુંજ મહાકુંભ-૨૦૧૦ના કારણે ઘણી ભીડ છે. એના પછી ગ્રીષ્માવકાશમાં પર્યટકોનો દબાવ વધી જાય છે. એવામાં જે પરિજન મંજૂરી વગર એ વિશ્વાસની સાથે પોતાના પરિજનોને ભલામણ પત્ર આપીને શાંતિકુંજ મોકલી દે છે કે અહીં એમની યોગ્ય વ્યવસ્થા થઈ જશે, તેમને આશાની અનુરૂપ પોતાની વ્યવસ્થા ન થવાથી નિરાશ અને શરમીંદા પણ થવું પડે છે.

આથી પરિજનોને વિનમ્ર નિવેદન છે કે પૂર્વ મંજૂરી લઈને જ પોતાના પરિજનોને મોકલે. એના વગર જે પોતાના પરિજનોને મોકલે છે, તેઓ ક્યારેય વિશ્વાસ ન રાખે કે એમની વ્યવસ્થા અહીં થઈ જશે. એ તો સૌ જાણે છે કે શાંતિકુંજ એક સાધના સ્થળી છે, લોકશિક્ષણનું એક અનુશાસિત કેન્દ્ર છે. એની ગરિમા અને વ્યવસ્થા બનાવી રાખવામાં આપનો પૂરો સહયોગ અપેક્ષિત છે. અહીં આવવા વાળા પરિજનો પોતાની સાથે ઓળખપત્ર અવશ્ય લઈને આવે.

# દેવ સંસ્કૃતિમાં ચાલી રહેલ IAS ના વર્ગો

દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયમાં તા-૨૯ માર્ચથી ભારતીય સરકારી સેવાઓની પ્રતિયોગીતા પરીક્ષાઓની તૈયારીઓ માટે વિશેષ વર્ગો આરંભ કરવામાં આવ્યા છે. દિલ્હીની સંકલ્પ સંસ્થાના સહયોગથી આરંભ કરવામાં આવેલ આ વર્ગોમાં પ્રથમ ચરણમાં આ સેવાઓમાં જવા ઈચ્છા ધરાવતા સુયોગ્ય ૪૦ છાત્ર-છાત્રાઓની પસંદગી કરવામાં આવી છે. આ ક્રમ આરંભ કરતાં કુલપતિ ડૉ.એસ.પી.મિશ્રાએ કહ્યું કે રાષ્ટ્રના નિર્માણમાં ભારતીય સરકારી અધિકારીઓની ભૂમિકા ખૂબ જ મોટી હોય છે. આ પદો પર આદર્શનિષ્ઠ રાષ્ટ્રભક્ત લોકસેવી યુવાનોને સ્થાપિત કરવામાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય પૂરી કોશિશ કરશે. આ ક્રમમાં આ વર્ગો આરંભ કરવામાં આવ્યા છે, જે કુલાધિપતિ માન.ડૉ.પ્રણવ પંડ્યાજીના માર્ગદર્શનમાં ચાલી રહેલ છે. સંકલ્પ સંસ્થાના પ્રતિનિધિ શ્રી નરેશ જોશીએ જણાવ્યું કે પ્રથમ ચરણમાં ૩૦૦ કલાકના વર્ગો ચલાવવામાં આવશે.

## મેજર જનરલ શ્રી પી.કે.સહગલે કરી કેરિયર કાઉંસિલિંગ

થલસેનાના રીટાયર્ડ મેજર જનરલ શ્રી પી.કે.સહગલે દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓને સંબોધન કરતાં કહ્યું કે ભારતના યુવાનોમાં ૧૫ થી ૨૦ વર્ષમાં ચીન જેવી મહાશક્તિઓથી આગળ નિકળી જવાની ક્ષમતા છે. એના માટે બસ કંઈક કરી બતાવવાની તમન્ના અને પોતાના લક્ષ્યની તરફ એકાગ્ર થવાની જરૂરત છે. તેમણે કહ્યું કે આપણી આબાદીનો પ્રયોગ એક તાકાતના રૂપમાં કરવો જોઈએ. તા-૨૧ માર્ચના દિવસે દેવ સંસ્કૃતિમાં યોજાયેલ કેરિયર કાઉંસિલિંગની બે દિવસીય કાર્યશાળામાં તેમણે પોતાના વિચાર રજુ કર્યા હતા.

મેજર જનરલ શ્રી પી.કે.સહગલે કહ્યું કે ભારતની પાસે સૌથી વધારે બૌદ્ધિક સંપદા છે. ભારતીય મનીષિઓની અદ્વિતીય સફળતાઓના અનેક ઉદાહરણ તેમણે રજુ કર્યા. તેમણે કહ્યું કે છેલ્લા દશકમાં નવા-નવા ક્ષેત્રોમાં ભારે સંખ્યામાં રોજગારની સંભાવનાઓ વિકસિત થઈ છે. ૪ કરોડથી વધારે પ્રશિક્ષિત યુવકોની આવશ્યકતા આજે વિદેશોમાં છે.

રીટાયર્ડ મેજર જનરલે રોજગાર મેળવવા માટે શિક્ષણમાં માનવતાવાદી દૃષ્ટિકોણના સમાવેશ પર વિશેષ ભાર આપ્યો અને એ દિશામાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય દ્વારા કરવામાં આવેલ પહેલનું હૃદયથી સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે માનવતાવાદી દૃષ્ટિકોણના યુવાનોની માંગ દેશ-વિદેશમાં તમામ જગ્યાએ વધી રહી છે. તેમણે અનેક ક્ષેત્રોમાં ઉપલબ્ધ રોજગારોનું વિવરણ પણ આ કાર્યશાળામાં રજુ કર્યું. કુલસચિવ શ્રી સંદીપ કુમાર, સંયુક્ત નિર્દેશક જનસંપર્ક તથા સેવાયોજનાના કન્વીનર શ્રી રામમહેશ મિશ્ર સહિત કેટલાય અધિકારી, વિભાગાધ્યક્ષ, આચાર્યોએ આ કાર્યશાળામાં ભાગ લીધો.

## રશિયન રાષ્ટ્રપતિના સલાહકારે ગાયત્રી મંત્રની દીક્ષા લીધી
## બોરિસ યેલ્તસિનની આત્મશાંતિ માટે કર્યુ-શ્રાદ્ધ-તર્પણ
## બી.બી.સી.હિન્દી ડૉટ કોમ સુધી પહોંચી ભણક

રશિયાના રાષ્ટ્રપતિ દિમિત્રી મેદવેદેવની રાજનીતિક સલાહકાર સુશ્રી સાઝી ઉમાલાતોવાએ શાંતિકુંજ આવીને ગુરુદીક્ષા લીધી. તેમણે અહીં



ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બોરિસ યેલ્તસિનની ભટકતી આત્માની શાંતિ માટે યજ્ઞ, તર્પણ, પિંડદાન કર્યુ અને ત્યારબાદ ખૂબ જ આત્મશાંતિની અનુભૂતિ કરી. આ સમાચારની ભણક બી.બી.સી.હિંદી ડૉટ કૉમ સુધી પહોંચી. બી.બી.સી.એ તા-૨૨ માર્ચના દિવસે એને પોતાની વેબસાઈટના મુખ્ય પેજ પર આ સમાચાર પ્રકાશિત કર્યા.

પાર્ટી ઑફ પીસ એન્ડ યૂનિટીની સંસ્થાપિકા અને ભૂતપૂર્વ સાંસદસભ્ય ઉમાલાતોવા શાંતિકુંજમાં યોજાયેલ યોગ, સંસ્કાર, અધ્યાત્મ મહોત્સવમાં પધાર્યા હતા. તેમણે અહીંના વૈજ્ઞાનિક અધ્યાત્મવાદ, માનવજાતિના ઉંચા સંકલ્પ અને ભારતીય સંસ્કાર પરંપરાથી પ્રભાવિત થયા પછી પોતાનું મન ખોલ્યું અને આત્મિક ઉન્નતિની કામનાથી યુગઋષિ પં.શ્રીરામ શર્મા આચાર્ય તથા માતા ભગવતી દેવી શર્માને ગુરુરૂપમાં વરણ કર્યા. આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ તેમણે ગુરુદીક્ષા આપતાં આત્મિક ઉન્નતિના સૂત્ર આપ્યા, ત્યાં આદરણીય શૈલબહેને તેમણે શાંતિકુંજની બેટી બતાવતાં આત્મીયતાની એ સર્વોચ્ચ અનુભૂતી કરાવી, જેને મેળવીને વ્યક્તિ અનંત સુખનો અનુભવ કરે છે. સુશ્રી ઉમાલાતોવાએ રશિયન સમાજના કલ્યાણ માટે સતત પ્રયાસ કરતા રહેવાનો સંકલ્પ યુગઋષિના ચરણોમાં ગુરુદક્ષિણા રૂપે અર્પણ કર્યા.

સુશ્રી ઉમાલાતોવાએ યેલ્તસિનની ભટકતી આત્માને શાંતિ અપાવવાની ઈચ્છા વ્યક્ત કરી. તેઓ ગોર્બાચોવ તથા બોરિસ યેલ્તસિનની વિચારાધારાની કટ્ટર વિરોધી અને સોવિયત સંઘના વિઘટનના સખ્ત વિરોધી હતા. અહીં તેમણે બતાવ્યું કે:-

યેલ્તસિન વારંવાર મારા સ્વપ્નમાં આવે છે અને રાજનૈતિક મુદ્દાઓ પર વિવાદ કરે છે. ક્યારેક તેઓ પોતાના વિચારો માટે અપરાધગ્રસ્ત અને દુઃખ લાગે છે. તેમણે અપ્રિય વાતો કહેવા માટે સ્વપ્નમાં માફી પણ માંગી છે. એવું લાગે કે યેલ્તસિનની આત્મા અસંતુષ્ટ અને અશાંત છે.

ઉમાલાતોવાએ યેલ્તસિન સિવાય પોતાના માતા-પિતા અને અફઘાનિસ્તાનમાં માર્યા ગયેલ બે ભાઈઓ માટે પણ શ્રાદ્ધ-તર્પણ કર્યું. ત્યારબાદ તેમણે કહ્યું હવે હું ઘણી સહજતા અનુભવ કરૂ છું. એવું લાગે છે કે મારા ઉપર કોઈ ઋણ હતું, જે ઉતરી ગયું.

## પ્રવાહિત થઈ રહેલ સર્જનની પ્રેરણા અને સુવિચારોનું અમૃત

**મહાકુંભ ૨૦૧૦**



મહાકુંભ ૨૦૧૦માં ઉમટી રહેલ જનમેદનીની આસ્થાને યુગાનુકૂળ દિશા-પ્રેરણા આપવા માટે શાંતિકુંજે ભરપૂર પ્રયાસ કર્યો છે. હરકી પૈડીની નજીક જ લાલજીવાળા વિસ્તારમાં સરકાર દ્વારા નિર્ધારિત કુંભ મેળા પ્રદર્શની પરિસરમાં શાંતિકુંજે જ્ઞાનયજ્ઞની વ્યવસ્થા કરી છે. ત્યાં શાંતિકુંજ, ઋષિયુગ્મના જીવન દર્શન અને યુગ સાહિત્યનો પરિચય વિશાળ પ્રદર્શનીના માધ્યમથી કરાવવામાં આવી રહ્યો છે. શાંતિકુંજની પ્રદર્શની ક્ષેત્ર ન કેવળ દર્શકો માટે આકર્ષણનું કેન્દ્ર છે, બલ્કે કુંભ મેળાની શાન છે, જ્યાં ધર્મતંત્રનું તે સ્વરૂપ જોઈ શકાય છે જે માનવીય એકતા તથા રાષ્ટ્રની સમૃદ્ધિ-પ્રગતિનો સંદેશ આપતો હોય.

તા-૨૮ એપ્રિલ સુધી ચાલનારી આ પ્રદર્શનીનો કાર્યભાર શ્રી ગંગાધર ચૌધરીની ટોળી સંભાળી રહી છે. શિક્ષણ, સ્વાસ્થ્ય, કુરિવાજ નાબુદી, નારી જાગરણ વગેરે સપ્ત આંદોલનોને મુખ્ય રૂપથી પ્રદર્શિત કરવામાં આવી રહ્યા છે.




### આખો દિવસ વરસે છે જ્ઞાનામૃત

કુંભમેળાની પરંપરાનો નિર્વાહ કરતાં શ્રદ્ધાળુઓને સદ્જ્ઞાનનો લાભ અપાવવા માટે આખો દિવસ કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યો છે. પ્રાતઃકાળ ૮ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી યજ્ઞ થાય છે. મધ્યાહ્ન સમયે ૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી પ્રજ્ઞાપુરાણ કથામાં ચારે ખંડોના વિવિધ પ્રસંગોની સાથે જીવનની પવિત્રતા-પ્રખરતાનો સંદેશ આપવામાં આવે છે. નદીઓને સ્વચ્છ બનાવવા, પર્યાવરણ શુદ્ધ રાખવા, ગંદકીથી બચવા, જળ સંરક્ષણ, કન્યાભ્રુણ હત્યા રોકવા જેવા સામાજિક આંદોલનોને મુખ્ય રૂપથી પ્રોત્સાહિત કરવામાં આવે છે. સાંજના સમયે ૫ વાગ્યાથી ૭ વાગ્યા સુધી વીડિયોના માધ્યમથી અને ૭ વાગ્યાથી ૮.૩૦ વાગ્યા સુધી ભજનોપદેશક શૈલીમાં સત્પ્રેરણાઓ આપવામાં આવી રહી છે.

## જલ સંરક્ષણ આંદોલનમાં સામેલ ગાયત્રી વિદ્યાપીઠ

શાંતિકુંજે રાષ્ટ્રીય જલ વિજ્ઞાન સંસ્થા, રુડકીની સાથે મળીને આ ભયંકર સમસ્યાથી છુટકારા માટે જલ સંરક્ષણ જાગરૂકતા અભિયાન ચલાવી રાખ્યું છે. એની અંતર્ગત ગાયત્રી વિદ્યાપીઠ શાંતિકુંજના નાના-નાના બાળકોએ તા-૧૮ માર્ચના દિવસે 'જલ સંરક્ષણ જાગરૂકતા અભિયાન' રેલી કાઢી હતી. આ રેલી શાંતિકુંજ



થી આરંભ થઈને ભૃગુ આશ્રમ, હરિપુર કલાઁ, તુરીય ધામ, ગીતા કુટીર, સપ્તઋષિ માર્ગ થતાં ગંગા કિનારે દીપદાન કરીને પાછી શાંતિકુંજમાં આવીને સમાપ્ત થઈ હતી. બાળકોએ આ રેલીના માધ્યમથી લોકોને જલની મહત્તા, જળના અપવ્યયથી થનારા નુકશાન, જળ સુરક્ષા

- **રાષ્ટ્રીય જળ વિજ્ઞાન સંસ્થા, રુડકીનો મળ્યો સહયોગ**
- **રેલીમાં જન-સામાન્યની ઉત્સાહવર્ધક ભાગીદારી**
- **નુક્કડ નાટકો પણ રજુ કરવામાં આવ્યા.**

આજની સર્વોપરી આવશ્યકતા તથા જળ સુરક્ષાથી થનારા લાભોની જાણકારી આપી જન-જનને બુંદ-બુંદ જળ બચાવવાની પ્રેરણા આપી. દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના એન.એસ.એસ.ના છાત્ર-છાત્રાઓએ પણ આ રેલીમાં વિશેષ યોગદાન આપ્યું. ગંગા કિનારે દીપદાન કરતાં તમામ બાળકોએ પ્રતિદીન ચાર લીટર પાણી બચાવવાની શપથ લીધી.

જળ સંરક્ષણ જાગરૂકતા રેલી પછી ગાયત્રી વિદ્યાપીઠના નાના-નાના બાળકો દ્વારા શાંતિકુંજના મુખ્ય સભાહૉલમાં જલ સંરક્ષણ અભિયાન સાથે સંબંધિત કેટલાક લઘુ નુક્કડ નાટક રજુ કરવામાં આવ્યા, જેમાં 'યક્ષ પ્રશ્ન', 'પાણી રે પાણી', 'ગંગા સ્તુતિ', 'સ્વજલ સાથી અને અદૃશ્ય દુશ્મન', 'એક નદી આંસુભરી' તથા સામૂહિક નૃત્ય 'સર પર હિમાલય કા છત્ર' મુખ્ય હતા. આ નાટકોના માધ્યમથી જળનું મહત્ત્વ તથા એની ઉપયોગિતા વિષયમાં દર્શનાર્થીઓને હૃદયબોધ કરાવવામાં આવ્યો. આ અવસર પર એન.આઈ.એચ.ના નિર્દેશક શ્રી રાજદેવસિંહ અને વરિષ્ઠ વૈજ્ઞાનિક શ્રી ભિષ્મકુમાર સિવાય શ્રી એ.આર.સેંથિલ કુમાર, શ્રી આર.કે.નેમા, શ્રી પ્રકાશ શ્રીવાસ્તવ સહિત શાંતિકુંજના વિભિન્ન શિબિરોમાં પ્રશિક્ષણ માટે આવેલ શિબિરાર્થી, દર્શનાર્થી તથા શાંતિકુંજના તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**સ્વામીઃ-**યુગ ચેતના ટ્રસ્ટ શાંતિકુંજ હરિદ્વાર શ્રીમતી શૈલબાળા પંડ્યા શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પ્રકાશિત અને યુગાન્તર ચેતના પ્રેસ હરિદ્વારમાં મુદ્રિત અને યુગચેતના ટ્રસ્ટ શાંતિકુંજ દ્વારા પ્રકાશિત. સંપાદક વીરેશ્વર ઉપાધ્યાય **એડ્રેસઃ-શાંતિકુંજ હરિદ્વાર (ઉત્તરાખંડ) પીન નંઃ- ૨૪૯૪૧૧, ફોન નંબર-(૦૧૩૩૪) ૨૬૦૬૦૨, ૨૬૧૩૨૮ ફેકસ-નં-૨૬૦૮૬૬**
www.awgp.org, www.dsvv.org
EmailQ-shantikunjnewsTawgp.org

R.No.UA/DO/DDN/29/2009-11
LICENCE TO POST W/O PREPAYMENT NO. WPP/05/05 RENEWED UP TO-2011